### મોબાઈલ કેમેરામાં કેદ થયેલો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ

# અમરેલી નજીક લીલીયા બૃહદ ગીરમાં સિંહણ સાથે બે સિંહબાળનું રોડ ક્રોસિંગ

### વાઘણીયા–નાના લીલીયા ગામ વચ્ચે રોડ પર સર્જાયા અદ્‌ભૂત દ્રશ્યો



અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લામાં આવેલ લીલીયા બૃહદ ગીર વિસ્તારમાં આજે વ્હેલી સવારે એક અદભુત અને રોમાંચક દ્રશ્ય જોવા મળ્યું હતું. જેમાં લીલીયા તાલુકાના વાઘણીયા ગામ અને નાના લીલીયા ગામ વચ્ચેના માર્ગ ઉપર એક સિંહણ પોતાની સાથે બે સિંહ બાળોને લઈને રોડ ક્રોસિંગ કરતી હોવાનું દ્રશ્ય સ્થાનિકોના મોબાઈલ કેમેરામાં કેદ થયું હતું. આ વીડિયો હાલ સોશ્યલ મીડિયામાં ભારે વાયરલ બની રહ્યો છે.

આ બનાવમાં મળતી માહિતી મુજબ આજે સવારના સમયે રોડની એક બાજુથી સામેની બીજી બાજુ તરફ સિંહણ ધીમે ધીમે આગળ વધી રહી હતી અને તેની પાછળ તેમનાં બે નાનાં સિંહબાળ પણ સાવચેતીપૂર્વક રોડ ક્રોસ કરતા જોવા મળ્યા હતા. રસ્તા પરથી પસાર થતાં કેટલાક લોકોએ આ દુર્લભ દ્રશ્યો પોતાના મોબાઈલમાં કેદ કરી લીધા હતા.

જાણકારોના અનુમાન મુજબ હાલમાં અમરેલી જિલ્લામાં પડી રહેલ ઉનાળાની કાળઝાળ ગરમી અને જંગલ વિસ્તારમાં પાણી અને ખોરાકની અછત તેમજ સલામત રહેઠાણની શોધને કારણે સિંહણ પોતાના બચ્ચાને વધુ સુરક્ષિત સ્થળ તરફ લઈ જઈ રહી હોવાનું માનવામાં આવી રહ્યું છે. સિંહણ પોતાના બચ્ચા પ્રત્યે કેટલી સતર્કતા અને સંભાળ રાખે છે તે આ દ્રશ્યોમાં સ્પષ્ટપણે જોવા મળતું હતું.

અમરેલીના ગીર અને આસપાસના પંથકમાં છેલ્લા કેટલાક સમયથી સિંહોના માનવ વસાહતો નજીક દેખાતા હોવાના બનાવોમાં વધારો નોંધાઈ રહ્યો છે. ત્યારે લીલીયા બૃહદ ગીર વિસ્તારમાં સિંહણ સાથેના બે સિંહબાળનું રોડ ક્રોસિંગ સ્થાનિકો માટે આકર્ષણ અને ચર્ચાનો વિષય બન્યું છે.

સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયોમાં સિંહણ ખૂબ શાંતિપૂર્વક પોતાના બંને સિંહબાળ સાથે રસ્તો પાર કરતી નજરે પડે છે જેને જોઈ લોકોમાં કુદરત પ્રત્યે આશ્ચર્ય અને આનંદની લાગણી ફેલાઈ છે.

### છેલ્લા ૧૦ દિવસથી સવારના ૧૦થી રાત્રિના ૮ સુધી લુ ફેંકાઈ રહી છે

# અમરેલી પંથકમાં તાપમાનનો પારો ૪૪.૩ ડીગ્રી સુધી પહોંચી જતાં સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત

### આગામી કલાકોમાં પણ ગરમીમાં રાહત મળે તેવા કોઈ એંધાણ નથી





અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લામાં ચાલુ ઉનાળાની સિઝનમાં છેલ્લા પાંચેક દિવસથી રોજબરોજ તાપમાનનો પારો ઉપર ચડતો જાય છે. ત્યારે આજે અમરેલીમાં ફરી એક વખત સડસડાટ તાપમાનમાં વધારો થતાં તાપમાન ૪૪.૩ ડિગ્રી સુધી પહોંચી જતાં સમગ્ર સૌરાષ્ટ્રમાં સૌથી વધુ તાપમાન ધરાવતું શહેર બનાવ પામેલ છે. જેને લઈ લોકો ઉનાળાના આકરા તાપમાનથી ત્રાહિમામ પોકારી ઉઠયાં છે.

અમરેલી શહેરમાં બપોરનાં સમયે ઉનાળાની સિઝનમાં છેલ્લા ઘણાં જ દિવસોથી તાપમાન વધારો જોવા મળી રહયાં છે. આજે ૪૪.૩ ડિગ્રી સુધી તાપમાન પહોંચી ગયેલ છે. જેને લઈ લોકો કામ વગર ઘર કે ઓફિસ બહાર નીકળવાનું ટાળતાં શહેરની મુખ્ય બઝાર તથા રસ્તાઓ સુમસામ ભાસતા હતાં.

હવામાન વિભાગની આગાહી પ્રમાણે હજુ તાપમાનનો પારો વધુ ઉંચે જાય તેવી શકયતા વચ્ચે લોકો વહેલી સવારે પોતાના કામ આટોપી લઈ અને ધોમધખતા તાપમાં ખાસ કરી બાળકો તથા વૃધ્ધ લોકો ઘર બહાર નીકળવાનું ટાળે તે ઈચ્છનીય છે.

અમરેલીમાં આજે મહતમ તાપમાન ૪૪.૧ ડિગ્રી, જયારે લઘુતમ તાપમાન ૨૫.૮ ડિગ્રી, ભેજનું પ્રમાણ ૬૭ ટકા, જયારે પવનની ગતિ ૫ કી.મી. પ્રતિ કલાક નોંધાય છે.

### પેટ્રોલ–ડીઝલની અછત વચ્ચે હજારો લીટર ડીઝલનો નાશ થયાથી આશંકા

# રાજુલાનાં છતડીયા ગામ નજીક ડીઝલ ભરેલ ટેન્ડરમાં આકસ્મિક આગ લાગતા અફડાતફડી

### પોલીસ વિભાગે બંને તરફ વાહનોની અવરજવર અટકાવી





અમરેલી, તા. ૧૧

રાજુલાનાં છતડીયા ગામ નજીક ભાવનગર–સોમનાથ હાઈવે ઉપરથી પસાર થઈ રહેલ ડીઝલ ભરેલ ટેન્ડરમાં આગથી હજારો લીટર ડીઝલ બળીને ખાખ થયાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

દેશમાં એક તરફ પ્રધાનમંત્રી પેટ્રોલ ડીઝલના ઉપયોગમાં કરકસર કરવા દેશવાસીઓને જણાવી રહ્યા છે તે વખતે ડીઝલ ભરેલ ટેન્ડરમાં આગ લાગી હતી.

પોલીસ ઘટનાસ્થળે દોડી જઈ માર્ગ ઉપર બંને તરફનો વાહનવ્યવહાર થોડીવાર થંભાવી દીધો તો ફાયર ટીમે આગ કાબુ મેળવ્યો હતો.

### સિંહની પજવણી કરતા હોય તે સમયનો

# સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલ વિડીયોના બનાવમાં ૨ આરોપીઓની વન વિભાગે અટકાયત કરી

### કોર્ટમાં રજુ કરાતા ૨ દિવસના રીમાન્ડ મંજુર



અમરેલી, તા. ૧૧

થોડા દિવસ પહેલાં સોશ્યલ મોડિયા ઉપર વાયરલ થયેલા સિંહ પજવણીના વિડિયાની વન વિભાગે ગંભીર નોંધ લઈ અને ઝડપી કાર્યવાહી કરી સિંહની પજવણી કરનારા બે આરોપીઓની અટકાયત કરી છે.

આ બનાવમાં ગત તા.૯ ના રોજ ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. રણજીતભાઈ વાળા નાનીધારી મારફતે એક વીડિયો વાયરલ થયો હતો જેમાં બે સિંહોની પાછળ મોટરસાઈકલ દોડાવી સિંહની પજવણી કરતાં હોવાનો દ્રશ્ય જોવા મળ્યા હતા. જેથી એશિયાટિક સિંહ ભારતના વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ હેઠળ શેડ્યૂલ–૧માં સમાવિષ્ટ અત્યંત સંરક્ષિત વન્યપ્રાણી છે. તેથી આ ઘટનાને વન વિભાગે અત્યંત ગંભીરતાથી લીધી હતી.

નાયબ વન સંરક્ષક ગીર (પૂર્વ)ના વિકાસ યાદવ, તથા મદદનીશ વન સંરક્ષક, ઉનાના કપિલ ભાટિયાના સીધા માર્ગદર્શન હેઠળ સમગ્ર ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તપાસમાં એન.પી. લકુમ, રેંજ ફોરેસ્ટ ઓફિસર, એચ.એ. વાળા, રાઉન્ડ ફોરેસ્ટર, પીપળવા રાઉન્ડ તેમજ રેંજ સ્ટાફે સક્રિય કામગીરી બજાવી હતી.

આ બનવાની તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, બે સિંહ જેમાં એક નર અને એક માદા સિંહની પાછળ મોટર સાઈકલ દોડાવી ગંભીર રીતે સિંહની પજવણી કરવામાં આવી હતી.

આ બનાવમાં સંડોવણી સામે આવતા ખાંભા તાલુકાના નાની ધારી ગામે રહેતાં શિવરાજભાઈ દિલુભાઈ માંજરીયા તથા રણજીતભાઈ ધીરુભાઈ વાળા નામના બે આરોપીની ઓળખ કરવામાં આવી હતી અને આ બંને આરોપીઓની અટકાયત કરીને તેમની પાસેથી ગુનામાં વપરાયેલ એક iPhone 17 Pro Max મોબાઈલ, એક જીયો સિમ કાર્ડ અને મોટરસાઈકલ નં. જી.જે.–૧૪ બીએફ–૧૫૩૩નો મુદામાલ જપ્ત કરવામાં આવેલ છે.

ઝડપાયેલ બંને આરોપીઓને ખાંભાની ફર્સ્ટ કલાસ જયુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. કેસની ગંભીરતા ધ્યાનમાં રાખીને કોર્ટ દ્વારા બંને આરોપીઓના બે દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. વન વિભાગે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે વન્ય પ્રાણીઓની પજવણી કે કાયદાનો ભંગ કરનાર સામે કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવશે.

### ખેડૂત સગાઈ પ્રસંગે સુરત ગયા હોય

# બાબરાનાં ખાખરીયા ગામે વૃધ્ધ ખેડૂતનાં મકાનમાંથી ૧૮.૬૦ લાખની મતાની ચોરી

### સ્થાનિક પોલીસે ચોરીનો ભેદ ઉકેલવા તપાસ હાથ ધરી

અમરેલી, તા. ૧૧

બાબરા તાલુકાના ખાખરીયા ગામે રહેતાં અને ખેતી કામ કરતા ૮૦ વર્ષીય વૃધ્ધ સુરત ખાતે તેમના દિકરાના દિકરાની એટલે કે પૌત્રની સગાઈમાં ગયેલ હતા અને ઘરે કોઈ હાજર ન હોય અને ગત તા. ૧૦ના સવારના આશરે સાડા દશેક વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કોઈ અજાણ્યો ચોર ઈસમ વૃધ્ધના મકાનના ડેલાના તાળા નકુચા તોડી ચોરી કરવાના ઈરાદે ઘરમાં પ્રવેશ કરી કુલ રૂપિયા ૧૮,૬૦,૦૦૦ની મત્તાની કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાતાં પોલીસે ડોગ સ્કવોર્ડ, ફિંગર પ્રિન્ટ નિષ્ણાંત તથા એફ.એસ.એલ.ની મદદ લઈ ચોરીનો ભેદ ઉકેલવા તપાસ હાથ ધરી છે.

આ બનાવમાં બાબરા તાલુકાના ખાખરીયા ગામે રહેતાં અને ખેતી કામ કરતાં જાદવભાઈ સવજીભાઈ નારોલા નામનાં ૮૦ વર્ષીય વૃધ્ધ સુરત ખાતે તેમના દિકરાના દિકરાની એટલે કે પૌત્રની સગાઈમાં ગયેલ હતા અને ઘરે કોઈ હાજર ન હોય અને ગત તા. ૧૦ના સવારના આશરે સાડા દશેક વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન કોઈ અજાણ્યો ચોર ઈસમ વૃધ્ધના મકાનના ડેલાના તાળા નકુચા તોડી ચોરી કરવાના ઈરાદે ઘરમાં પ્રવેશ કરી રૂમના દરવાજાના તાળા તોડી રૂમની અંદર પ્રવેશ કરી કબાટની તેજુરી અંદર રાખેલ એક સોનાની માળા જેનું વજન આશરે ૫૦ ગ્રામ કિંમત રૂપિયા ૬,૫૦,૦૦૦, એક સોનાનો હાર જેનું વજન આશરે ૪૦ ગ્રામ કિંમત રૂપિયા ૫,૨૦,૦૦૦ તથા બે સોનાની વિંટી તથા એક જોડ કાનમાં પહેરવાની જુની સોનાની પોખાની જેનું વજન આશરે ૨૦ ગ્રામ કિંમત ૨,૬૦,૦૦૦ તથા સોનાની ચુડલી જેનું વજન આશરે ૧૦ ગ્રામ કિંમત રૂપિયા ૧,૩૦,૦૦૦ તથા તાજેતરમાં જ કપાસ તથા શીંગ વેચેલ હોય જેના રોકડા ૩,૦૦,૦૦૦ મળી કુલ ૧૮,૬૦,૦૦૦ની મત્તાની ચોરી કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાતાં પોલીસે ડોગ સ્કવોર્ડ, ફિંગર પ્રિન્ટ નિષ્ણાંત તથા એફ.એસ.એલ.ની મદદ લઈ ચોરીનો ભેદ ઉકેલવા તપાસ હાથ ધરી છે.

# બાબરા : રામાનંદી સાધુ સમાજનું ગૌરવ



બાબરા, તા. ૧૧

બાબરા શહેરમાં રહેતા તથા મંડળ વ્યવસાય સાથે સંકળાયેલા વિજયભાઈ નિમાવતની દીકરી કુ.માહી વિજયભાઈ નિમાવતે માર્ચ – ૨૦૨૬માં લેવાયેલી ધોરણ – ૧૦ બોર્ડ પરીક્ષામાં ઉત્કૃષ્ટ ૯૩ ટકા પરિણામ મેળવી બાબરા શહેર તેમજ સમગ્ર રામાનંદી સાધુ સમાજનું ગૌરવ વધાર્યુ છે.

કુ.માહી ભાવનગર જિલ્લાના રંઘોળા ખાતે આવેલી ઓમકાર વિદ્યાલયમાં અભ્યાસ કરતી હતી. પોતાના અથાગ પરિશ્રમ, નિયમિત અભ્યાસ અને પરિવારના માર્ગદર્શ નથી તેણીએ આ શાનદાર સફળતા પ્રાપ્ત કરી છે.

માહીની આ સિદ્ધિથી પરિવારજનોમાં ખુશીની લાગણી છવાઈ ગઈ છે ત્યારે સમાજના અગ્રણીઓ, શિક્ષકો, સ્નેહીઓ તથા બાબરા શહેરના લોકોએ અભિનંદનની વર્ષા કરી તેના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવી છે.

માહી નિમાવતની આ સિદ્ધિ અન્ય વિદ્યાર્થીઓ માટે પણ પ્રેરણારૂપ બની છે.

### ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે

# બાબરા : રામપરી નાની સિંચાઈ યોજનાના રીસ્ટોરેશનનું ખાતમુહૂર્ત

### ખેડૂતોને મળશે સિંચાઈમાં મોટી રાહત



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૧

બાબરા તાલુકાના ખેડૂતો માટે રાહત અને આનંદના સમાચારરૂપે રામપરી નાની સિંચાઈ યોજનાના રીસ્ટોરેશન કાર્યનું વિધિવત ખાતમુહૂર્ત સ્થાનિક ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. રાજય સરકાર દ્વારા ખેડૂતોને વધુ સારી સિંચાઈ સુવિધા ઉપલબ્ધ થાય તેમજ પાણી સંગ્રહ ક્ષમતા વધે તે હેતુસર અંદાજિત રૂા. ૫૪.૩૭ લાખના ખર્ચે આ મહત્વપૂર્ણ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

આ પ્રસંગે ધારાસભ્યએ જણાવ્યું હતું કે રાજય સરકાર ખેડૂતોના હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહી છે અને ગ્રામ્ય વિસ્તારોમાં કૃષિ વિકાસને વેગ આપવા માટે સતત વિકાસલક્ષી યોજનાઓ અમલમાં મૂકી રહી છે. નાની સિંચાઈ યોજનાઓના પુન : સ્થાપનથી ખેડૂતોને પૂરતું સિંચાઈ પાણી ઉપલબ્ધ બનશે, જેના કારણે કૃષિ ઉત્પાદન વધશે અને ખેડૂતોની આર્થિક સ્થિતિ વધુ મજબૂત બનશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે પાણી સંચય અને પાણીના સદુપયોગ માટે સરકાર સતતપ્રતિબદ્ધ છે. રામપરી નાની સિંચાઈ યોજનાના રીસ્ટોરેશન બાદ વિસ્તારમાં પાણી સંગ્રહ ક્ષમતામાં વધારો થશે તેમજ ભૂગર્ભ જળસ્તર સુધારવામાં પણ નોંધપાત્ર મદદ મળશે. ખેડૂતોને ખેતી માટે પૂરતું પાણી મળતા સમગ્ર વિસ્તારના કૃષિ વિકાસને નવી દિશા મળશે.

### ગણતરીની કલાકોમાં આરોપીઓને દબોચી લેવાયા

# બાબરાના જીવાપર માર્ગ પર થયેલ હત્યા કેસના ૧૦ આરોપીની અટકાયત

### પી.આઈ. પરમારની હૃદયસ્પર્શી સમજણ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૧

બાબરા તાલુકાના કરિયાણા–જીવાપર રોડ પર બનેલી યુવાન ભરત ઉગરેજીયાની હત્યાના ચકચારી કેસમાં બાબરા પોલીસે ઝડપી કામગીરી કરીને કુલ ૧૦ આરોપીઓને ઝડપી પાડયા છે. પ્રાથમિક તપાસ મુજબ સુરાપુરાની ખાંભી કાઢી નાખવાના મુદ્દે સમાધાન માટે બોલાવી ભરત ઉગરેજીયા પર ક્રૂર હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં તેનું મોત નિપજયું હતું.

આ સમગ્ર મામલે બાબરા પોલીસ દ્વારા આરોપીઓને સાથે રાખી ઘટના સ્થળે રિકન્સ્ટ્રકશન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન બાબરા પી.આઈ. આર.આર. પરમારે માત્ર કાયદાકીય કાર્યવાહી જ નહીં, પરંતુ સમાજ અને ખાસ કરીને યુવાનો માટે એક મહત્વપૂર્ણ સંદેશ આપ્યો હતો. તેમની વાતોનો વીડિયો હાલ સોશિયલ મીડિયામાં ભારે વાયરલ બની રહ્યો છે.

રિકન્સ્ટ્રકશન દરમિયાન પી.આઈ. પરમારે ઉપસ્થિત લોકોને સંબોધતા જણાવ્યું હતું કે, તમારા લોકોને સમજ થાય કે આવા દિવસો આપણા જીવનમાં ન આવે. દોરડાથી બંધાઈને ગામના રસ્તા પર નીકળવું પડે એવી પરિસ્થિતિ કોઈના જીવનમાં ન સર્જાય.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગામમાં મોટાભાગના ઝઘડા આડોશી–પડોશી અથવા સગા સંબંધીઓ વચ્ચે જ થતા હોય છે અને ગુસ્સામાં લેવાયેલ એક ખોટો નિર્ણય આખું જીવન બગાડી નાખે છે. પી.આઈ. પરમારે આરોપી યુવાનો તરફ ઈશારો કરતા કહ્યું હતું કે, આ ૧૦ છોકરાઓમાં કોઈ મોટો ક્રિમીનલ નથી. લગભગ બધાનો આ પહેલો ગુનો છે, પરંતુ પહેલા જ ગુનામાં હવે ઓછામાં ઓછી ૨૦ વર્ષની સજા કે આજીવન કેદ જેવી સ્થિતિ ઉભી થશે. તેમણે માતા–પિતાની વ્યથા વ્યક્ત કરતા ભાવુક શબ્દોમાં કહ્યું હતું કે તમારા મા–બાપ માટે તમે ભલે નાલાયક હો, પણ તેમના માટે ઘરેણા જ છો. એવી પરિસ્થિતિ ન સર્જાય કે તમારા માતા–પિતા તમારી પાછળ રખડતા થઈ જાય. પી.આઈ. આર.આર. પરમારની આ માનવતાભરી અને હૃદયસ્પર્શી વાતોએ લોકોમાં ભારે અસર પેદા કરી હતી. પોલીસ માત્ર કાયદાનો ડંડો નહીં પરંતુ સમાજને સાચા માર્ગે દોરી શકે એવો મિત્ર પણ છે તે વાત આ પ્રસંગે સ્પષ્ટ રીતે સામે આવી હતી. હાલ સમગ્ર મામલે બાબરા પોલીસ વધુ તપાસ હાથ ધરી રહી છે.

## ગાંધીનાં ગુજરાતમાં લાખો રૂપિયાની કિંમતનાં દારૂની હેરફેર


# જાફરાબાદ જેટી ઉપરથી ૨૨.૭૫ લાખનો દારૂ ઝડપાયો

**સ્ટેટ મોનિટરિંગ સેલનાં પીઆઈ આર.કે. કરમટા અને તેની ટીમે મસમોટો જથ્થો ઝડપી લેતા ચકચાર**

**એસએમસીએ ૪ આરોપીઓને ઝડપી લીધા અને ૧૧ શખ્સોની શોધખોળ આદરી**

**બુટલેગરોએ ફિશીંગ બોટમાં મદીરાની હેરફેર શરૂ કરી હોવાનું જોવા મળ્યુ**

**સમગ્ર બનાવ અંગે ઊંડાણપૂર્વક તપાસ થાય તો કંઈકનાં તપેલા ચડી જાય તો નવાઈ નહી**







અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લાના જાફરાબાદના સામાકાંઠા વિસ્તારમાં રાજય મોનીટરીંગ સેલ (એસએમસી)એ મોટી કાર્યવાહી હાથ ધરી દમણથી દરિયાઈ માર્ગે લાવવામાં આવેલો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડતાં જિલ્લામાં ચકચાર મચી ગઈ છે. માચ્છીમારી માટે વપરાતી ફિશિંગ બોટ મારફતે દરિયાકાંઠે ઉતારવામાં આવતો વિદેશી દારૂ એસએમસીની ટીમે ઝડપી પાડયો હતો. સમગ્ર કાર્યવાહી દરમિયાન ચાર આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે જયારે ૧૧ શખ્સો ફરાર થઈ જવામાં સફળ રહ્યા હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ એસએમસીની ટીમને બાતમી મળી હતી કે દમણ તરફથી દરિયાઈ માર્ગે મોટી માત્રામાં વિદેશી દારૂનો જથ્થો જાફરાબાદના સામાકાંઠા વિસ્તારમાં પહોંચાડવામાં આવી રહ્યો છે. જેના આધારે એસએમસીના પોલીસ ઈન્સ્પેકટર આર.કે. કરમટાના સુપરવિઝન હેઠળ ટીમ દ્વારા વોચ ગોઠવવામાં આવી હતી. દરોડા દરમિયાન ફિશિંગ બોટમાં છુપાવી લાવવામાં આવેલી વિવિધ બ્રાન્ડની વિદેશી દારૂની કુલ ૬૮૫૯ બોટલ ઝડપી પાડવામાં આવી હતી.

પોલીસે ઝડપી પાડેલા દારૂની કિંમત અંદાજે રૂા. ૨૨ લાખ ૭૫ હજાર હોવાનું સામે આવ્યું છે. ઉપરાંત ઘટના સ્થળેથી વાહનો સહિત કુલ રૂા. ૩૩ લાખ ૮૯ હજારનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. એસએમસીએ ઝડપાયેલા ચાર આરોપીઓની અટકાયત કરી તેમની પૂછપરછ શરૂ કરી છે, જયારે ફરાર થયેલા ૧૧ આરોપીઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

આ સમગ્ર ઘટનાએ જિલ્લામાં ફરી એકવાર દારૂના ગેરકાયદે વેપાર અને દરિયાઈ માર્ગે થતી હેરાફેરીના મુદ્દાને ચર્ચામાં લાવી દીધો છે. મહત્વની બાબત એ છે કે છેલ્લા એક મહિનામાં અમરેલી જિલ્લામાં એસએમસી દ્વારા કરવામાં આવેલો આ પાંચમો મોટો દરોડો હોવાનું સામે આવ્યું છે. સતત એસએમસી દ્વારા જ કાર્યવાહી થતાં સ્થાનિક પોલીસની કામગીરી સામે પણ અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે.

એસએમસીની ટીમ દ્વારા દરિયાકાંઠા વિસ્તારમાં વધુ તપાસ હાથ ધરવામાં આવી છે અને દારૂના જથ્થાની સપ્લાય ચેઈન, મુખ્ય સૂત્રધારો તથા અન્ય સંડોવાયેલા શખ્સો સુધી પહોંચવા માટે તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

### તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ ફરિયાદ

## નાના માચીયાળા ગામે ૨૩ ઈસમોએ ખેડૂતને મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ

**ખેડૂત ઉપર તલવારનો ઘા કરી ઈજા કર્યાનો ઉલ્લેખ**

અમરેલી, તા. ૧૧

અમરેલી તાલુકાના નાના માચિયાળા ગામે વરસડા રોડ ઉપર રહેતાં જયરાજભાઈ ભાણભાઈ આલાણી (વાળા) નામનાં ૩૮ વર્ષીય ખેડુતના મોટાબાપુના દીકરાનો બાયપાસ ઉપર પાણી છાંટવાના ટાંકો ભાડેથી ચાલે છે અને તે ટાંકો સામાવાળાએ બંધ કરાવવાના ઈરાદે ત્યાં ચલાવવાની ના પાડેલ હતી. તે વાતનુ મનદુઃખ રાખી સામાવાળાએ ગત તા. ૭ના રોજ ફરિયાદી ખેડૂત ટ્રેકટર ચલાવીને જતા હતા તે સમયે ગેરકાયદેસર અવરોધ કરી ખેડૂતને જાનથી મારી નાખવાને ઈરાદે વિસામણભાઈ ભરતભાઈ કોઠીવાળ એ તલવારનો ઘા કરી ખેડૂતને જમણા હાથના કાંડાના ભાગે ઈજા કરી તેમજ આ કામેના અન્ય તમામ ૨૩ જેટલાં આરોપીઓ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા એક સંપ થઈ પ્રાણઘાતક હથીયારો વડે સજજ થઈ ગેરકાયદે મંડળી બનાવી ખેડૂત તથા અન્યને જાનથી મારી નાખવાના ઈરાદે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી તથા ભુપતભાઈની મોટર સાયકલમાં આર્થિક નુકસાન કરેલ છે. તથા પ્રદ્યુમનભાઈ રણધીરભાઈ કોઠીવાળએ પોતાની હોન્ડા સીટી ગાડી પુરઝડપે અને બેફીકરાઈ પુર્વક ચલાવી વનરાજભાઈ ઓઘડભાઈ તથા મંગળુભાઈ ઓઘડભાઈ વાળા ઉપર ચડાવી દઈ ગંભીર ઈજાઓ કરી તમામ ૨૩ આરોપીઓએ ખેડૂતને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.


રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠ્ઠા
Mo. 93770 03636

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241

સ્પે. વેકેશન બેચ
સ્પોકન ઈંગ્લિશ
સમય : સવારે ૮ થી ૧૦, બપોરે ૪ થી ૬
કોર્ષ ફી : RS.2500/-
ઓજસ કલાસીસ-અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

લોકલ ફોર વોકલ ॥ જય પરશુરામ ॥ સુવિધા સાથે વિવિધતા
મહાજન કેટરર્સ
MAHAJAN
ALL CATERING SOLUTIONS
EARLY MORNING BED TEA
BREAKFAST & SECOND BREAKFAST
WEL COME COLDRINKS - ELEVENSES
BRUNCH - LUNCH
AFTERNOON TEA & HIGH TEA
SUPPER - DINNER - LATE NIGHT SNAKES
હાર્દિક ત્રીવેદી
94 285 61 601
શ્યામ ટીવીએસ પાછળ, સ્ટેશન રોડ, અમરેલી.

શું તમે હરસ.મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો.સહન ન કરો.સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો
ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઈન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદિક સારવાર
7 વર્ષનો અનુભવ
20000+ દર્દીઓની તપાસ
3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો.રાણવાસર હોસ્પિટલ,ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com















### સોમનાથ અમૃત મહોત્સવમાં પીએમ મોદીની લલકાર

# દુનિયાની કોઈ તાકાત ભારતને ઝૂકાવી નહીં શકે : વડાપ્રધાન

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમનાથના ઇતિહાસમાં પ્રથમ વખત પુનઃ નિર્મિત સોમનાથ મંદિરના શિખર પર ૧૧ તીર્થોના જળથી કુંભાભિષેક કર્યો

સોમનાથ, તા.૧૧

પીએમ મોદીએ આજે સોમનાથમાં ભવ્ય રોડ શો યોજ્યો. જે બાદ તેઓએ સોમનાથ મંદિરે પહોંચીને મહાપૂજા કરી. પીએમ મોદીએ સોમનાથના ઈતિહાસમાં પ્રથમ વખત પુનઃનિર્મિત સોમનાથ મંદિરના શિખર પર ૧૧ તીર્થોના જળથી કુંભાભિષેક કર્યો. ૯૦ મીટર ઊંચી ક્રેનથી વિશાળ કુંભને શિખર સુધી લઈ જવાયા બાદ મંત્રોચ્ચાર સાથે મંદિરના શિખર પર અભિષેક કરવામાં આવ્યો છે. પીએમ મોદીએ વિશેષ મહાપૂજા, કુંભાભિષેક અને ધ્વજારોહણ જેવી મંગલ વિધિઓ સંપન્ન કરી છે. જે બાદ પીએમ મોદીએ સંબોધન કરતા કહ્યું કે, "પંચોત્તેર વર્ષ પહેલાં આજના દિવસે સોમનાથ મંદિરની પુનઃસ્થાપના કરવામાં આવી હતી. આ કોઈ સામાન્ય પ્રસંગ નહોતો. જો ૧૯૪૭ એ ભારતને રાજકીય સ્વતંત્રતા પ્રાપ્તિનું વર્ષ હતું, તો ૧૯૫૧ માં સોમનાથ મંદિરનો અભિષેક ભારતની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક સ્વતંત્રતાની જોરદાર ઘોષણા તરીકે સેવા આપી હતી."
પીએમ મોદીએ પોતાના સંબોધનમાં જણાવ્યું છે કે, "આજે આપણે બધા દેવોના દેવ મહાદેવના વિગ્રહ પ્રતિષ્ઠાના ૭૫ વર્ષ ઉજવવા માટે ભેગા થયા છીએ. મહાદેવ જ એક છે જેમાંથી આ બ્રહ્માંડનું નિર્માણ થયું છે, અને જેમનામાં તે આખરે વિલીન થાય છે. આજે આપણે તેમના દિવ્ય નિવાસસ્થાનના પુનર્નિર્માણની ઉજવણી કરી રહ્યા છીએ."

આ સાથે તેમણે જણાવ્યું છે કે, "સોમનાથ દાદાના પ્રખર ભક્ત તરીકે, મેં આ પવિત્ર સ્થળની અસંખ્ય વખત મુલાકાત લીધી છે; વારંવાર, મેં તેમની સમક્ષ આદરપૂર્વક મારું માથું નમાવ્યું છે. છતાં, આજે જ્યારે હું અહીં આવ્યો છું, ત્યારે સમયની આ યાત્રાએ મારામાં ખરેખર આનંદદાયક અને ગહન લાગણી જગાડી છે. થોડા મહિના પહેલા જ મેં આ સ્થળની છેલ્લી મુલાકાત લીધી હતી, તે સમયે અમે સોમનાથ સ્વાભિમાન પર્વ ઉજવી રહ્યા હતા."પીએમ મોદીએ વધુમાં જણાવ્યું કે, "પંચોત્તેર વર્ષ પહેલાં આજના દિવસે સોમનાથ મંદિરની પુનઃસ્થાપના કરવામાં આવી હતી. આ કોઈ સામાન્ય પ્રસંગ નહોતો. જો ૧૯૪૭ એ ભારતને રાજકીય સ્વતંત્રતા પ્રાપ્તિનું વર્ષ હતું, તો ૧૯૫૧ માં સોમનાથ મંદિરનો અભિષેક ભારતની આધ્યાત્મિક અને સાંસ્કૃતિક સ્વતંત્રતાની જોરદાર ઘોષણા તરીકે સેવા આપી હતી. આજે જેમ જેમ હું આસપાસ જોઉં છું, મને ખ્યાલ આવે છે કે સોમનાથ અમૃત મહોત્સવ ફક્ત ભૂતકાળની ઉજવણી નથી. આ પ્રેરણાનો તહેવાર પણ છે - જે આગામી હજાર વર્ષ માટે ભારતને માર્ગદર્શન અને ઊર્જા આપશે." સંબોધનમાં વધુમાં જણાવ્યું કે, "આજનો દિવસ બીજા એક કારણસર પણ ખાસ મહત્વ ધરાવે છે. ૧૧ મે, ૧૯૯૮ના દિવસે - આપણા રાષ્ટ્રે પોખરણ ખાતે તેના પરમાણુ પરીક્ષણો કર્યા હતા. ૧૧ મેના રોજ, દેશે ત્રણ પરમાણુ પરીક્ષણોની તેની પ્રથમ શ્રેણી સફળતાપૂર્વક પૂર્ણ કરી. આપણા વૈજ્ઞાનિકોના પ્રયાસો દ્વારા ભારતની સાચી ક્ષમતા અને ક્ષમતા સમગ્ર વિશ્વ સમક્ષ ઉજાગર કરવામાં આવી. આ પરીક્ષણોથી આખા વિશ્વમાં પ્રશ્ન થયો: "ભારત કોણ છે? કયા અધિકારથી - અથવા કયા કદથી - તે પરમાણુ પરીક્ષણો કરવાનું ધારે છે?" વૈશ્વિક શક્તિઓ ભારતને ઘેરવા માટે મેદાનમાં ઉતરી; વિવિધ પ્રતિબંધો લાદવામાં આવ્યા, અને આર્થિક તક માટેના દરેક માર્ગને સીલ કરવામાં આવ્યા. ૧૧ મે પછી, વિશ્વ સંપૂર્ણ તાકાત સાથે આપણા પર ઉતર્યું. છતાં, ૧૩ મેના રોજ, વધુ બે પરમાણુ પરીક્ષણો કરવામાં આવ્યા. જેનાથી વિશ્વને સમજાયું કે, ભારતનો રાજકીય સંકલ્પ અડગ છે. તે સમયે, સમગ્ર વિશ્વનું દબાણ ભારત પર હતું." તેમણે જણાવ્યું કે, અટલજીના નેતૃત્વમાં, ભાજપ સરકારે દર્શાવ્યું કે આપણા માટે, રાષ્ટ્ર પ્રથમ આવે છે. પૃથ્વી પરની કોઈ શક્તિ ભારતને નમવા માટે મજબૂર કરી શકતી નથી; કોઈ પણ શક્તિ તેને દબાણ હેઠળ લાવી શકતી નથી. રાષ્ટ્રે પોખરણ પરમાણુ પરીક્ષણોને ઓપરેશન શક્તિ નામ આપ્યું. કારણ કે, શિવની સાથે શક્તિની પૂજા હંમેશા આપણી પરંપરા રહી છે. શિવ અને શક્તિ પ્રત્યેની આપણી શ્રદ્ધાનો ખ્યાલ જ રાષ્ટ્રની વૈજ્ઞાનિક પ્રગતિ માટે પ્રેરણારૂપ બને. આજે, આપણે આ જ સંકલ્પના સાકાર થતા જોઈ રહ્યા છીએ.ભૂતકાળમાં આ મંદિર અસંખ્ય આક્રમણોનો સામનો કરી ચૂક્યું છે. ગઝનીના મહમૂદ અને અલાઉદ્દીન ખિલજી જેવા અસંખ્ય આક્રમણ કરનારા આવ્યા અને ગયા. આ લૂંટારાઓએ સોમનાથ મંદિરની ભવ્યતાને નષ્ટ કરવાનો પ્રયાસ કર્યો. તેઓ સોમનાથને ફક્ત એક ભૌતિક રચના તરીકે જોતા હતા, અને તેથી, તેઓ તેની સામે અથડાતા રહ્યા. વારંવાર, આ મંદિર તોડી પાડવામાં આવ્યું. છતાં, વારંવાર, તેનું પુનર્નિર્માણ કરવામાં આવ્યું. દરેક વિનાશ પછી નવેસરથી ઉભરી રહ્યું છે. કારણ કે, જે લોકો તેનો નાશ કરવાનો પ્રયાસ કરતા હતા તેઓ આપણા રાષ્ટ્રની સાચી વૈચારિક શક્તિને સમજવામાં નિષ્ફળ ગયા. આપણે એવા લોકો છીએ જે ભૌતિક શરીરને નાશવંત માનીએ છીએ. તે શરીરમાં રહેતો આત્મા - તે અવિનાશી છે. અને છેવટે, શિવ વિશ્વ આત્મા છે - બધા આત્માઓનો આત્મા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૦ અને ૧૧ મેના રોજ ગુજરાતની મુલાકાતે છે. વડાપ્રધાન મોદીએ રવિવારે રાત્રે જામનગરમાં લાલ બંગલા સર્કલ ખાતે આયોજિત જનસભાને સંબોધિત કરી હતી. મંત્રી અર્જુન મોઢવાડીયા, મંત્રી રિવાબા જાડેજા, સાંસદ પૂનમબેન માડમ સહિતના મહાનુભાવોએ વડાપ્રધાનનું સ્વાગત કર્યું હતું. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી અને બંગાળમાં વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની ભવ્ય જીત બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પહેલીવાર ગુજરાત પ્રવાસે પહોંચ્યા છે. બે દિવસીય આ ગુજરાત પ્રવાસ દરમિયાન તેઓ જામનગર પહોંચ્યા હતા, જ્યાં તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જામનગરની જનતામાં પીએમ મોદીને લઈને અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. ખાસ કરીને સ્થાનિક લોકોએ 'દિલ સે મોદી' લખેલી ખાસ ઘડિયાળો પહેરીને પીએમને અનોખી રીતે આવકાર્યા હતા.

પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં ભાજપને મળેલી જીતનો ઉલ્લેખ કરતા વડાપ્રધાન મોદીએ કહ્યું કે તેમના લાંબા રાજકીય જીવનમાં ઘણી ચૂંટણીઓ જોઈ છે, પરંતુ બંગાળના પરિણામોનો પ્રભાવ પહેલીવાર આટલો ઊંડો અનુભવ્યો છે. બંગાળના વિધાનસભાની ચૂંટણીના પરિણામોની ચર્ચા સમગ્ર વિશ્વમાં થઈ રહી છે. બંગાળના લોકોને કોઈ પીડા થાય તો તેની વેદના ગુજરાતીઓ અનુભવતા હતા. ત્યારે આ પરિણામોથી દરેક ગુજરાતીને હાશકારાનો અનુભવ થયો છે. આ માટે ભાજપના ૩૦૦થી વધુ કાર્યકર્તાઓએ બલિદાન આપ્યું છે. બંગાળમાં પરિવર્તન આવતા ગુજરાતના લોકોમાં પણ આનંદ જોવા મળી રહ્યો છે. બંગાળના વિકાસમાં છેલ્લા ૫૦ વર્ષનો જે ખાડો છે, તેને ભારતીય જનતા પાર્ટી પૂર્ણ કરશે. પીએમએ કહ્યું કે, દેશની યુવા પેઢી હવે જાગૃત છે અને તેઓ જ દેશનું ભવિષ્ય નક્કી કરશે. તેઓ ભાજપને સતત જનસમર્થન આપી રહ્યા છે અને પોતાનું ભવિષ્ય જાતે જ નક્કી કરી રહ્યા છે, મોટા સપનાઓ જોઈ રહ્યા છે અને તેને સાકાર પણ કરી રહ્યા છે.

### સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારના ૭૫ વર્ષ

# મોદીએ કહ્યું- આ અસત્ય પર સત્યના વિજયનું પ્રતીક છે

## પીએમ મોદીએ ૭૫ રૂપિયાનો ખાસ સિક્કો જાહેર કર્યો

સોમનાથ, તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બે દિવસીય ગુજરાત પ્રવાસનો આજે (૧૧મી મે) બીજો અને અત્યંત મહત્ત્વપૂર્ણ દિવસ હતો. જામનગરની મુલાકાત બાદ વડાપ્રધાન આજે પ્રથમ જ્યોતિર્લિંગ એવા ભગવાન સોમનાથના શરણે પહોંચ્યા હતા. સોમનાથ મંદિરના પુનઃનિર્માણના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત 'સોમનાથ અમૃતપર્વ-૨૦૨૬'માં વડાપ્રધાન મોદીએ વિશેષ ઉપસ્થિતિ નોંધાવી છે.વડાપ્રધાન મોદીએ કહ્યું: 'આજે, હું ફક્ત ૭૫ વર્ષનો ઝાંખી નથી જોઈ રહ્યો. હું વિનાશ વચ્ચે સર્જન કરવાનો સંકલ્પ જોઈ રહ્યો છું. અહીં, હું અસત્ય પર સત્યનો વિજય જોઈ રહ્યો છું. અહીં, હું હજારો વર્ષો સુધી ફેલાયેલી આધ્યાત્મિક ચેતના જોઉં છું - એક એવી આધ્યાત્મિક ચેતના જેણે સમગ્ર વિશ્વને સમગ્ર માનવતાના કલ્યાણના દ્રષ્ટિકોણથી જોયું છે. હું ભારતનો અવિનાશી સાર જોઉં છું - એક એવો સાર જેને સદીઓના દુષ્ટ પ્રયાસો પણ ભૂંસી શક્યા નથી.'સોમનાથ મંદિરના પુનઃનિર્માણના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત 'સોમનાથ અમૃતપર્વ'માં સહભાગી થતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક અત્યંત ભાવુક અને આધ્યાત્મિક સંબોધન કર્યું હતું. ભગવાન સોમનાથના સાનિધ્યમાં કલા, સંગીત અને મંત્રોચ્ચાર વચ્ચે વડાપ્રધાને આ ક્ષણને ઐતિહાસિક ગણાવી હતી.સંબોધનની શરૂઆત કરતા વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, 'આજની મારી આ સોમનાથ યાત્રામાં એક અનોખી સુખદ અનુભૂતિ થઈ રહી છે. અહીં કલા, સંગીત અને નૃત્યના મનોહર પ્રદર્શન સાથે, વૈદિક મંત્રોના પવિત્ર જાપ સાથે, ગર્ભગૃહમાં 'શિવપંચક્ષરી' ના સતત પાઠ સાથે અને સમુદ્રના મોજાઓના ગૂંજતા જયઘોષ સાથે - એવું લાગે છે કે જાણે આખું બ્રહ્માંડ એક સૂરમાં બોલી રહ્યું છે,જય સોમનાથ!'વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમનાથ મંદિરના અમૃત પર્વ નિમિત્તે ૭૫ રૂપિયાનો સ્મારક સિક્કો જાહેર કર્યો છે. આ વિશેષ સિક્કાની વિશેષતાઓ પર નજર કરીએ તો, રૂ.૭૫ નો આ સિક્કો ગોળાકાર હશે અને તેનો વ્યાસ ૪૪ મિલીમીટર રાખવામાં આવ્યો છે. આ સિક્કો ૯૯.૯ ટકા શુદ્ધ ચાંદીમાંથી બનાવવામાં આવશે અને તેનું વજન ૪૦ ગ્રામ નિર્ધારિત કરવામાં આવ્યું છે. સિક્કાની ડિઝાઈનમાં ખૂબ જ કાળજી રાખવામાં આવી છે; તેની આગળની બાજુએ મધ્યમાં અશોક સ્તંભની આકૃતિ અને નીચે 'સત્યમેવ જયતે' લખેલું હશે. સિક્કાની પાછળની બાજુએ સોમનાથ મંદિરની ભવ્ય આકૃતિ છે. વડાપ્રધાન મોદી કુંભાભિષેક વિધિ બાદ સોમનાથમાં વિશેષ પૂજામાં સહભાગી થયા હતા. હવે તેઓ બપોરે જાહેર સભાને સંબોધશે. કુંભાભિષેક દરમિયાન મંદિરના શિખર પર ૧૧ પવિત્ર તીર્થના જળથી ઐતિહાસિક કુંભાભિષેક કર્યા બાદ ધ્વાજારોહણ કરવામાં આવ્યું હતું.

### ટ્રમ્પનો પારો સાતમા આસમાને, ઓફર ઠુકરાવી

# ક્રૂડ ઓઈલ અંગે ચિંતા વધી, હોર્મુઝ બંધ જ રહેશે

## ઈરાનનો પ્રસ્તાવ સામે આવ્યાના ગણતરીના કલાકોમાં જ રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે લખ્યું, મને આ પસંદ નથી

વોશિંગ્ટન, તા.૧૧

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષમાં શાંતિની આશા પર ફરી એકવાર પાણી ફરી વળ્યું છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન દ્વારા મોકલવામાં આવેલા શાંતિ પ્રસ્તાવને ફગાવી દીધો છે. આ ઘટનાક્રમ બાદ વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં ૩%નો ઉછાળો જોવા મળ્યો છે, કારણ કે સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી જહાજોની અવરજવર હજુ પણ ઠપ્પ જેવી જ છે.અમેરિકાએ વાટાઘાટો શરૂ કરવા માટે જે ઓફર આપી હતી, તેના જવાબમાં રવિવારે ઈરાને પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. ઈરાનના આ પ્રસ્તાવમાં મુખ્યત્વે નીચેની માંગણીઓ કરવામાં આવી હતી. ખાસ કરીને લેબનોનમાં, જ્યાં અમેરિકાના સાથી દેશ ઈઝરાયલ અને ઈરાન સમર્થિત હિઝબુલ્લાહ વચ્ચે ભીષણ જંગ ચાલી રહ્યો છે. ઈરાને યુદ્ધમાં થયેલા નુકસાન માટે આર્થિક વળતરની માંગ કરી છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પર પોતાની સાર્વભૌમત્વ જાળવી રાખવાની જીદ કરી છે. અમેરિકા દ્વારા લાદવામાં આવેલી નૌકાદળની નાકાબંધી હટાવવી, સંપત્તિઓ અનફ્રીઝ કરવી અને ઈરાની તેલના વેચાણ પરનો પ્રતિબંધ દૂર કરવો.ઈરાનનો આ પ્રસ્તાવ સામે આવ્યાના ગણતરીના કલાકોમાં જ રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્રૂથ સોશિયલ પર લખ્યું, મને આ પસંદ નથી. તે સંપૂર્ણપણે અસ્વીકાર્ય છે. ટ્રમ્પે આ અંગે કોઈ વિસ્તૃત વિગતો આપી નથી, પરંતુ અમેરિકાની શરત સ્પષ્ટ છે કે, ઈરાને તેના પરમાણુ કાર્યક્રમ સહિતના ગંભીર મુદ્દાઓ પર ચર્ચા કરતા પહેલા યુદ્ધવિરામ કરવો પડશે. બીજી તરફ, ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ ટ્રમ્પના વલણની ટીકા કરતા જણાવ્યું હતું કે, અમારી માંગણીઓ કાયદેસર છે. અમે યુદ્ધનો અંત, ચાંચિયાગીરી અને નાકાબંધી રોકવાની માંગ કરી છે, જે પ્રાદેશિક સુરક્ષા માટે એક ઉદાર ઓફર છે.આ ડેડલોકને કારણે વૈશ્વિક અર્થતંત્ર પર મોટું જોખમ તોળાઈ રહ્યું છે. ૨૮ ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થયું તે પહેલા, વિશ્વના કુલ તેલ અને કુદરતી ગેસના પુરવઠાનો પાંચમો ભાગ સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી પસાર થતો હતો. હાલમાં અહીં ટ્રાફિક નહિવત છે. ગયા અઠવાડિયે માત્ર ત્રણ ટેક્રરો કોઈક રીતે બહાર નીકળવામાં સફળ રહ્યા હતા, જેઓએ ઈરાની હુમલાથી બચવા માટે પોતાના ટ્રેકર્સ બંધ રાખ્યા હતા.
સોમવારે તેલના ભાવમાં ૩%નો વધારો થયો. અમેરિકામાં પેટ્રોલના ભાવ આસમાને પહોંચ્યા છે, જે ચૂંટણીના વર્ષમાં ટ્રમ્પ માટે પડકારરૂપ સાબિત થઈ શકે છે.ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ સ્પષ્ટ કર્યું છે કે, યુદ્ધ હજુ સમાપ્ત થયું નથી. એક ઈન્ટરવ્યુમાં તેમણે કહ્યું કે, ઈરાન પાસેથી સંવર્ધિત યુરેનિયમ હટાવવું અને તેમના પરમાણુ મથકોને તોડી પાડવા એ ઈઝરાયલની પ્રાથમિકતા છે. નેતન્યાહુએ રાજદ્વારી માર્ગની તરફેણ કરી છે, પરંતુ જરૂર પડ્યે સૈન્ય તાકાતનો ઉપયોગ કરવાની પણ ચીમકી આપી છે.આવતા બુધવારે રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ બેઈજિંગ પહોંચી રહ્યા છે. ત્યાં તેઓ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે મુલાકાત કરશે. આ મુલાકાતમાં ઈરાનનો મુદ્દો ટોચ પર હશે. ટ્રમ્પ ઈચ્છે છે કે ચીન પોતાના પ્રભાવનો ઉપયોગ કરીને ઈરાનને નમતું જોખવા મજબૂર કરે. જોકે, ઈરાનને આશા છે કે ચીન અમેરિકાની દાદાગીરી સામે તેમનો પક્ષ લેશે.રવિવારે યુએઈ (UAE) એ ઈરાન તરફથી આવતા બે ડ્રોન તોડી પાડ્યા હતા. કતાર અને કુવૈતે પણ તેમના હવાઈ ક્ષેત્રમાં શંકાસ્પદ ડ્રોન હુમલાની નિંદા કરી છે. લેબનોનમાં ૧૬ એપ્રિલે થયેલા યુદ્ધવિરામ છતાં દક્ષિણ લેબનોનમાં ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે અથડામણો ચાલુ છે. નિષ્ણાતો માને છે કે જો ટ્રમ્પ અને જિનપિંગ વચ્ચેની બેઠકમાં કોઈ ઉકેલ નહીં આવે, તો આ સંઘર્ષ લાંબો ખેંચાઈ શકે છે, જેની અસર માત્ર મધ્ય પૂર્વ પર જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના ખિસ્સા પર પડશે.

### શિખર પર ૧૧ તીર્થના જળથી કરાયો કુંભાભિષેક

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમનાથ મંદિરમાં કરી પૂજા

## સોમનાથ મંદિરમાં સોમનાથ અમૃત મહોત્સવમાં હાજરી આપતા પહેલા મોદીએ એક રોડ શોમાં ભાગ લીધો હતો

સોમનાથ, તા.૧૧

સોમનાથ મંદિરના ઈતિહાસમાં પ્રથમ વખત પુનઃનિર્મિત સોમનાથ મંદિરના શિખર પર ૧૧ તીર્થોના જળથી કુંભાભિષેક કરવામાં આવ્યો છે. ૯૦ મીટર ઊંચી ક્રેઈનથી વિશાળ કુંભને શિખર સુધી લઈ જવાયા બાદ મંત્રોચ્ચાર સાથે મંદિરના શિખર પર અભિષેક કરવામાં આવ્યો છે. સોમનાથ મંદિરમાં વડાપ્રધાન મોદીએ પૂજા અર્ચના કર્યા બાદ શિવલિંગને જળ અર્પણ કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમનાથ મંદિરમાં આયોજિત "અમૃત મહોત્સવ" કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તેમણે મંદિરમાં પૂજા અર્ચના કરી હતી. સોમનાથ મંદિરના ભવ્ય શિખર પર દેશભરના ૧૧ પવિત્ર તીર્થસ્થળોના જળથી કુંભાભિષેક કરવામાં આવ્યો હતો. આ કુંભાભિષેક માટે એક વિશેષ કળશનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સમારોહ દરમિયાન ૧૧ તીર્થસ્થળોમાંથી લાવવામાં આવેલા પવિત્ર જળથી મંદિરના ૯૦-મીટર ઊંચા શિખર પર અભિષેક કરવામાં આવ્યો હતો. સોમનાથના શિખર પર ૧૧ તીર્થના જળથી કુંભાભિષેક કરાયો હતો. સોમનાથ મંદિરના શિખર પર પુષ્પવર્ષા કરવામાં આવી હતી. સોમનાથ મંદિરના પુનઃનિર્માણને ૭૫ વર્ષ પૂર્ણ થયા છે. સોમનાથમાં સૂર્યકિરણની ટીમનો એર શૉ જોવા મળ્યો હતો. સૂર્યકિરણની ટીમના આકાશમાં અનોખા કરતબ જોવા મળ્યા હતા. સોમનાથ મંદિરમાં સોમનાથ અમૃત મહોત્સવમાં હાજરી આપતા પહેલા પીએમ મોદીએ એક રોડ શોમાં ભાગ લીધો હતો. ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ હાજર રહ્યા હતા. આ ભવ્ય રોડ શોમાં વડાપ્રધાન મોદી લોકોનું અભિવાદન સ્વીકારતા જોવા મળ્યા હતા.
હેલિપેડથી સોમનાથ મંદિર સુધી વિશાળ રોડ શો યોજાયો હતો, જેમાં હજારો લોકો રસ્તાની બન્ને બાજુ ઉભા રહી વડાપ્રધાનનું સ્વાગત કરતા જોવા મળ્યા હતા. સમગ્ર માર્ગ દેશભક્તિના નારા અને ધાર્મિક ઉલ્લાસથી ગૂંજી ઉઠ્યો હતો. રોડ શો પૂર્ણ થયા બાદ વડાપ્રધાને સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

### મોદીની કરકસરની અપીલ પર રાહુલ ગાંધીનો પ્રહાર

# દેશ ચલાવવો હવે કોમ્પ્રોમાઈઝ્ડ PMના ગજા બહારની વાત છે

નવી દિલ્હી, તા.૧૧

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધની ભારત પર પડનારી આર્થિક અસરોને લઈને દેશમાં રાજકારણ ગરમાયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે તેલંગાણાના હૈદરાબાદમાં એક રેલી દરમિયાન દેશવાસીઓને પેટ્રોલ-ડીઝલના મર્યાદિત ઉપયોગ, સોનાની ખરીદી ટાળવા અને વિદેશ પ્રવાસ મુલતવી રાખવા જેવી કરકસરની અપીલ કરી હતી. જેના પર આકરા પ્રહાર કરતા લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાનને કોમ્પ્રોમાઈઝ્ડ (લાચાર) ગણાવ્યા છે.
વડાપ્રધાને જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે પેટ્રોલ અને ખાતરના ભાવમાં ધરખમ વધારો થયો છે. વિદેશી મુદ્રા ભંડાર બચાવવા માટે તેમણે નીચે મુજબના સૂચનો કર્યા હતા:

પરિવહન: પેટ્રોલ-ડીઝલનો વપરાશ ઘટાડવો, મેટ્રો રેલનો ઉપયોગ કરવો, કારપૂલિંગ અને ઈલેક્ટ્રિક વાહનોને પ્રાધાન્ય આપવું.

વર્ક ફ્રોમ હોમ: કોરોનાકાળની જેમ ફરીથી વર્ક ફ્રોમ હોમ, વર્ચ્યુઅલ મીટિંગ્સ અને વીડિયો કોન્ફરન્સિંગ અપનાવવું.
કરકસર: એક વર્ષ માટે સોનાની ખરીદી અને વિદેશ પ્રવાસ મુલતવી રાખવો. ખાદ્ય તેલ અને રાસાયણિક ખાતરનો વપરાશ ઘટાડી કુદરતી ખેતી અને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવું.વડાપ્રધાનની આ અપીલને કોંગ્રેસે સરકારની આર્થિક નિષ્ફળતા ગણાવી છે. રાહુલ ગાંધીએ X પર પોસ્ટ કરીને કહ્યું કે, ગઈકાલે મોદીજીએ જનતા પાસે બલિદાન માંગ્યું - સોનું ન ખરીદો, વિદેશ ન જાઓ, પેટ્રોલ ઓછું વાપરો. આ સલાહ નથી, પણ સરકારની નિષ્ફળતાનો પુરાવો છે. સરકારની નિષ્ફળતાને કારણે જનતાએ શા માટે ભોગ આપવો જોઈએ?
રાહુલ ગાંધીએ સરકારની નીતિઓ પર નિશાન સાધતા ઉમેર્યું કે, ૧૨ વર્ષમાં દેશને એવા મુકામ પર લાવી દીધો છે કે હવે જનતાને જણાવવું પડે છે કે શું ખરીદવું અને શું ન ખરીદવું, ક્યાં જવું અને ક્યાં ન જવું.
વડાપ્રધાન દર વખતે જવાબદારી જનતા પર ઢોળી દે છે જેથી તેઓ પોતે બચી શકે. દેશ ચલાવવો હવે Compromised PMના ગજા બહારની વાત છે.

### હિમાચલ ફરવા ગયેલા ગુજરાતી પરિવારનું મોત

# ભાવનગરના પરિવારની ગાડી ઊંડી ખીણમાં ખાબકી, ૬ ના મોત

શીમલા, તા.૧૧

હિમાચલના મનાલી હાઈવે પર અકસ્માતમાં ગુજરાતના પરિવારને કાળ ભરખી ગયો છે. આ દર્દનાક અકસ્માતમાં ભાવનગરના સિંધી પરિવારના ૬ લોકોના કમકમાટીભર્યા મોત નિપજ્યા છે. તો ચાર લોકો ઘવાયા છે. પરિવારના તમામ લોકો હિમાચલ ફરવા ગયા હતા, ત્યારે અકસ્માત નડ્યો હતો.પ્રાપ્ત માહિતી અનુસાર, હિમાચલ પ્રદેશના ચંબા-નુરપુર નેશનલ હાઈવે પર આજે સોમવારે સવારે મોટી દુર્ઘટના સર્જાઈ હતી, જેમાં ગુજરાતના ૬ પ્રવાસીઓના મોત નિપજ્યા છે. તો ચાર લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને સારવાર માટે ટાડ મેડિકલ કોલેજ કાંગડામાં રિફર કરાયા હતા. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસ પહોંચી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, દુર્ઘટનાગ્રસ્ત ઈનોવા ક્રિસ્ટ ગાડીમાં ગુજરાતના મુસાફરો સવાર હતા. આ લોકો મનાલીથી ડેલહાઉસી ફરવા જઈ રહ્યા હતા. અકસ્માત સમયે આ વિસ્તારમાં ભારે વરસાદ થઈ રહ્યો હતો. ગાડીમાં ડ્રાઈવર સહિત કુલ ૧૦ લોકો સવાર હતા. ત્યારે ગાડી ઊંડી ખીણમાં ખાબકી હતી. ચંબાના એસપી વિજય કુમાર સકલાનએ જણાવ્યું કે, અકસ્માતમાં કુલ છ લોકોના મોત નિપજ્યા છે. જ્યારે કે ચાર લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. પોલીસે તમામ મૃતદેહોને ખીણમાંથી બહાર કાઢીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે.

આ વિશે માહિતી આપતા સિંધી સેનાના પ્રમુખ કમલેશભાઈ ચંદાણીએ જણાવ્યું કે, ભાવનગરથી મનાલી ફરવા ગયેલ લલિતભાઈ ફતનાની અને તેના પરિવારને હિમાચલ પ્રદેશમાં ગંભીર અકસ્માત નડ્યો હતો. મનાલી બેલા જતા સમયે કાંકરિયા તાલુકાના છાબા જિલ્લામાં ૨૮ નંબરના હાઈવે પર તેમનું વાહન ઊંડી ખીણમાં ખાબક્યું હતું. તેમની ગાડીમાં બાળકો સહિત કુલ ૯ લોકો યાત્રામાં સામેલ હતા. જેમાંથી ૪ લોકોને સલામત રીતે રેસ્ક્યુ કરી નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. તો છ લોકોના મોત નિપજ્યા છે.

### PMની અપીલથી વેપારીઓમાં ડરનો માહોલ

# કારીગરો પર છટણીની તલવાર! જ્વેલરી બજારમાં ભારે હડકંપ

## પીએમ મોદીની સોનું ન ખરીદવાની અપીલથી જ્વેલર્સ ઈન્ડસ્ટ્રી ચિંતામાં, લગ્ન સિઝનમાં માંગ ઘટવાની આશંકા

નવી દિલ્હી, તા.૧૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૦ મેએ હૈદરાબાદમાં જનસભા દરમિયાન દેશવાસીઓને અપીલ કરી હતી કે ૧ વર્ષ સુધી સોનું ખરીદો નહીં. પીએમ મોદીની આ અપીલે જ્વેલરી માર્કેટમાં હલચલ મચાવી દીધી છે. દિલ્હી સહિત દેશભરમાં જ્વેલરી વેપારી, ઝવેરીઓ અને નાના કારોબારીઓ આ અપીલથી ચિંતાગ્રસ્ત જોવા મળી રહ્યાં છે.ચેમ્બર ઓફ ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી (CTI) ના ચેરમેન બૃજેશ ગોયલે આ મુદ્દા પર વિસ્તારથી વાત કરતા જણાવ્યું કે અપીલ સામે આવતા અનેક વેપારીઓએ તેમનો સંપર્ક કર્યો અને પોતાની ચિંતા વ્યક્ત કરી છે. ગોયલે કહ્યુ કે લગ્નની સિઝન ચાલી રહી છે અને આ સમયે પ્રધાનમંત્રીની અપીલથી ઘરેણા અને જ્વેલરીની માંગમાં ભારે ઘટાડાની આશંકા છે.
ભારત ચીન બાદ દુનિયામાં બીજો સૌથી મોટો સોનાનો ઉપભોક્તા દેશ છે. ઝ્રં અનુસાર દેશમાં દર વર્ષે આશરે ૭૦૦થી ૮૦૦ ટન સોનાનો વપરાશ થાય છે. બૃજેશ ગોયલનું કહેવું છે કે પીએમ મોદીની આ અપીલ બાદ સોનાનો વપરાશ ૮૦૦ ટનથી ઘટી ૫૦૦ ટન સુધી રહી શકે છે.
CTI ચેરમેને ચેતવણી આપતા કહ્યું કે જો એક વર્ષ સુધી સોનાનું વેચાણ પ્રભાવિત થાય તો નાના જ્વેલર્સ, ઝવેરીઓ અને કામદારોને પગાર આપવામાં મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. તેવામાં ઘણી જગ્યાએ છટણી કરવી પડી શકે છે. જ્વેલર્સનું માનવું છે કે આ પ્રકારના આહ્વાનથી ગ્રાહકોના મનમાં ડરનો માહોલ બની જાય છે, જેના કારણે સોનાનું વેચાણ ખાસ કરી લગ્નની સિઝનમાં ઘટી શકે છે.CTI મહાસચિવ ગુરમીત અરોડા અને રમેશ આહૂજાએ કહ્યુ કે સોનું માત્ર એક ધાતુ કે રોકાણનું સાધન નથી, પરંતુ ભારતીય સંસ્કૃતિ સાથે જોડાયેલું છે. લગ્નમાં ઘરેણા લગભગ ફરજીયાત માનવામાં આવે છે. તેથી આ અપીલ જ્વેલરી ઈન્ડસ્ટ્રીની સાથે-સાથે સામાન્ય લોકો માટે પડકારજનક સમય પેદા કરી શકે છે. CTI અનુસાર ટાઈટન, સેનકો ગોલ્ડ, કલ્યાણ જ્વેલર્સ જેવી મુખ્ય લિસ્ટેડ જ્વેલરી કંપનીઓના શેર પર પણ આ અપીલની નકારાત્મક અસર પડી છે. આજે ઘણી જ્વેલર્સ કંપનીઓના શેરની કિંમતમાં ઘટાડો થયો છે.

### પહાડી વિસ્તારોમાં હિમવર્ષાની પણ શક્યતા છે

# ૧૧ રાજ્યોમાં વાવાઝોડા અને વરસાદનું એલર્ટ, ૬૦ kmphની ઝડપે પવન ફૂંકાશે

## IMD દ્વારા દિલ્હી, યુપી અને બિહાર સહિતના ૧૧ રાજ્યોમાં ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદની ચેતવણી

નવી દિલ્હી, તા.૧૧

હવામાન વિભાગ (IMD) દ્વારા આવતીકાલ એટલે કે ૧૨ મે માટે એક મોટી ચેતવણી જારી કરવામાં આવી છે. ફરી એકવાર હવામાનનો મિજાજ બગડવાની તૈયારીમાં છે. દિલ્હી-દ્ગઝ્રઈ, ઉત્તર પ્રદેશ અને બિહાર સહિત દેશના ૧૧ રાજ્યોમાં વરસાદ અને વાવાઝોડાની આગાહી કરવામાં આવી છે. આ વિસ્તારોમાં ૫૦ થી ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ભારે પવન ફૂંકાય તેવી શક્યતા છે. પૂર્વીય રાજ્યોમાં પણ કરા પડવાની અને પહાડી રાજ્યોમાં હિમવર્ષા થવાની ચેતવણી અપાઈ છે, જેથી લોકોએ ઘરની બહાર નીકળતી વખતે સાવચેત રહેવું જરૂરી છે. દિલ્હી અને NCR વિસ્તારો માટે ૧૨ મેના રોજ 'યલો એલર્ટ' જાહેર કરાયું છે. દિલ્હીની સાથે નોઈડા, ગ્રેટર નોઈડા અને ગાઝિયાબાદમાં હવામાન બગડી શકે છે અને ૪૦ થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન સાથે વરસાદ પડવાની સંભાવના છે. જોકે, ૧૩ મેથી હવામાનમાં થોડો સુધારો જોવા મળશે અને ૧૪ મે સુધીમાં આકાશ એકદમ સ્વચ્છ થઈ જવાની ધારણા છે.ઉત્તર પ્રદેશ : યુપીમાં આગામી ૩ દિવસ સુધી વાદળછાયું વાતાવરણ જોવા મળશે. ખાસ કરીને પૂર્વી ઉત્તર પ્રદેશમાં ૩૦ થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. આ સાથે જ વીજળીના કડાકા-ભડાકા સાથે હળવોથી મધ્યમ વરસાદ પડવાની પણ શક્યતા છે, જોકે તાપમાન ધીમે ધીમે વધતું રહેશે.બિહાર : બિહારમાં પૂર્વીય પવનોને કારણે વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધ્યું છે. હવામાન વિભાગે ઉત્તર બિહારના ૧૯ જિલ્લાઓ માટે ખાસ યલો એલર્ટ જાહેર કર્યું છે. અહીં લોકોને સતર્ક રહેવાની સલાહ અપાઈ છે કારણ કે ૫૦ થી ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની સ્પીડે તોફાની પવન ફૂંકાઈ શકે છે.રાજસ્થાન : રાજસ્થાનમાં મિશ્ર હવામાન જોવા મળશે. એક તરફ, આગામી ૪-૫ દિવસ સુધી જોધપુર અને બિકાનેરમાં કાળઝાળ ગરમી અને હીટવેવની આગાહી છે. તો બીજી તરફ, આગામી ૪૮ કલાકમાં બિકાનેર, જયપુર, શેખાવતી અને ભરતપુરના ઉત્તરીય ભાગોમાં ૪૦ થી ૫૦ કિમીની ઝડપે પવન ફૂંકાવા સાથે વાદળછાયું વાતાવરણ રહેશે અને હળવો વરસાદ પણ પડી શકે છે.મધ્યપ્રદેશ : મધ્યપ્રદેશના રાયસેન, જબલપુર, નર્મદાપુરમ, બેતુલ, છિંદવાડા અને સાગર સહિતના ઘણા જિલ્લાઓમાં ૪૦ થી ૫૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે. સાથે જ ગાજવીજ અને વીજળી પડવા સાથે વરસાદની પણ આગાહી કરવામાં આવી છે.ઉત્તરાખંડ : પહાડી રાજ્યોમાં પણ હવામાનનો મિજાજ બદલાયો છે.
ઉત્તરાખંડના પર્વતીય જિલ્લાઓમાં ઘણી જગ્યાએ હળવો વરસાદ અને ૪૫૦૦ મીટરથી વધુ ઊંચાઈવાળા વિસ્તારોમાં હિમવર્ષા થવાની પૂરી સંભાવના છે. મેદાની વિસ્તારોમાં પણ છૂટોછવાયો વરસાદ પડી શકે છે.
ઝારખંડ : રાજસ્થાનથી બંગાળ અને બિહારથી તેલંગાણા સુધી બે ટ્રફ લાઈન સક્રિય થઈ છે જે ઝારખંડમાંથી પસાર થાય છે. આના કારણે રાજ્યમાં તાપમાનમાં મોટો ઘટાડો નોંધાયો છે. આગામી ૪ દિવસ સુધી ઝારખંડના ઘણા વિસ્તારોમાં ૫૦ કિમીની ઝડપે પવન, વાવાઝોડું અને વરસાદ સાથે વીજળી પડવાની પ્રબળ સંભાવના છે.નોર્થ-ઈસ્ટ (પૂર્વોત્તર રાજ્યો) : પૂર્વોત્તર રાજ્યોમાં પણ વરસાદનું જોર જોવા મળશે. ૧૨ મેના રોજ આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ, ત્રિપુરા અને અરુણાચલ પ્રદેશમાં ૩૦ થી ૪૦ કિમીની ઝડપે પવન સાથે વરસાદ પડશે. જ્યારે ૧૩ મેના રોજ નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં આ વાતાવરણ યથાવત રહેવાની આગાહી છે.

### હાઈકોર્ટે ભર્યું મોટું પગલું

# AI બન્યો ઘાતક! નકલી ચહેરા અને અવાજના જોરે અબજોની ઠગાઈ

## ગુજરાતમાં સાયબર ક્રાઈમની દર કલાકે ૨૧ ફરિયાદ એટલે કે દરરોજની ૫૦૦ જેટલી ફરિયાદ નોંધાય છે

ગાંધીનગર, તા.૧૧

હાઈકોર્ટે અદાલતોની દૈનિક કામગીરીમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો સીમિત ઉપયોગ કરવાની નીતિ જાહેર કરી છે. કારણ કે, સોશિયલ મીડિયામાં એઆઈના ટ્રેન્ડની બીજી બાજુ ભયજનક છે. સામાન્ય નાગરિકો સોશિયલ મીડિયા પર એઆઈનો ઉપયોગ કરીને બનાવવામાં આવેલા વીડિયોની ભરપૂર મજા લે છે. પરંતુ સોશિયલ મીડિયા પર મજા માટે મુકાતા વીડિયો, ફોટોગ્રાફથી નકલી ચહેરા અને નકલી અવાજ સાથે જે એઆઈનો દુરુપયોગ કરીને આકર્ષિત કરતા વીડિયો સાથે સાયબર ગઠિયાઓ સાયબર ચીટિંગની લિંક પણ સામેલ કરી દઈને અબજો રૂપિયાની સાયબર ઠગાઈ કરવા લાગ્યા છે.કોરોના તો ગયો પણ લોકોને મોબાઈલ ફોનનું વળગણ આપી ગયો છે. અત્યારે એઆઈનો ટ્રેન્ડ જામ્યો છે. કોઈપણ કામ-ધંધાનો ડેટા અપલોડ કરવામાં આવે પછી જે મદદ કે વિગત માંગો તે એઆઈ તરફથી પૂરી પાડવામાં આવે છે. વિતેલા બે વર્ષમાં એઆઈનો ટ્રેન્ડ વધતાં જ સાયબર ક્રાઈમના ગુનામાં પણ ઉછાળો આવ્યો છે. ગુજરાતમાં સાયબર ક્રાઈમની દર કલાકે ૨૧ ફરિયાદ એટલે કે દરરોજની ૫૦૦ જેટલી ફરિયાદ નોંધાય છે, તેમાં હવે એઆઈથી ઠગાઈના કિસ્સા વધી રહ્યા છે.ભારતમાં એઆઈ વોઈસ સ્કેમ ચાલે છે તેનો શિકાર ૧૦૦માંથી ૮૩ લોકો બને છે. મહિલા કે પુરુષના નકલી ચહેરા અને નકલી અવાજથી આચરવામાં આવતી સાયબર ઠગાઈમાંથી માંડ ૧૭ ટકા લોકો જ બચી શકે છે. ૪૭ ટકા ભારતીય યુવા કે બાળકો વોઈસ ક્લોન કે ડીપ ફેક સ્કીમનો શિકાર બની રહ્યાં છે. તો, સિનિયર સિટીઝનોમાં ઠગાઈનો ભોગ બનવાની ટકાવારી ૪૫ ટકા પહોંચી ચૂકી છે.અમદાવાદ સહિત ગુજરાતમાં એ.આઈ. ક્રાઈમ હોટસ્પોટ અંગે મેપિંગ શરૂ કરવામાં આવ્યું છે. સાયબર ક્રાઈમ અટકાવવા પ્રયત્નશીલ અધિકારી સૂત્રોનું કહેવું છે કે, હાલમાં એઆઈથી રીઅલ ટાઈમ ડીપ-ફેકનો ટ્રેન્ડ ભયજનક બની રહ્યો છે. કોઈપણ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર પ્રોફાઈલ ઓપન હોય તેમ છતાં પણ પોતાની, પરિવારની તસવીરો કે પછી વિગતો વાઈરલ કરવાનું ઘેલું અનેક લોકોને લાગ્યું છે. આવા કિસ્સામાં સોશિયલ મીડિયા ઉપરથી તસવીરો કે વિગતો મેળવી લઈને ડમી સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ બનાવીને સાયબર ચાંચિયાઓ ઠગાઈ કરવા લાગ્યા છે. એઆઈથી રીઅલ ટાઈમ ડીપફેક એટલે કે મળતો ચહેરો દેખાય તેવી બનાવટી પ્રોફાઈલ બનાવીને તમારા નજીકના લોકો સાથે જે છેતરપિંડી કરી શકે છે.ગુનાખોરીના વાર્ષિક સર્વેક્ષણમાં એવો ઘટસ્ફોટ કરાયો છે કે, એઆઈથી નિર્મિત નકલી વીડિયો અથવા તો આઈ-બ્લિન્ક એનિમેશન સાયબર સિક્યોરિટી પ્રોટોકોલને પણ છેતરી જાય છે. એઆઈ આધારિત ક્રાઈમના નવા ટ્રેન્ડ અનુસાર એ.આઈ. આધારિત સાયબર ક્રાઈમથી આધાર કાર્ડ સાથે લિન્ક કરાયેલા મોબાઈલ નંબર બદલી નાંખીને બેન્ક ખાતાં હેક કરવામાં આવે છે. એથી બેન્ક ખાતાંના સિક્યોરિટી બાયોમેટ્રિક બાયપાસ કરી સાયબર ક્રાઈમ આચરવામાં આવે છે.સાયબર ગઠિયાઓ એઆઈ ટેકનોલોજીનો ઉપયોગ પૂર્ણરૂપે કરે છે. કોઈ એક રૂમની જગ્યા મળી જાય એટલે સાયબર ઠગાઈ કરનાર ચાલાક ગઠિયા મહિલા કે પુરુષ, કોઈપણ અવાજમાં વાત કરે છે. સૂત્રોનું કહેવું છે કે, કોમ્પ્યુટર કે લેપટોપ સાથે અત્યાધુનિક એઆઈ સિસ્ટમનો ઉપયોગ કરી સાયબર ગઠિયાઓ પોતાના અવાજને બદલી નાંખે છે.

### દેવગઢબારિયા ગામે સ્પર્ધા યોજાઈ

# અમરેલી : ગજેરા કેમ્પસ-વિદ્યાસભા સ્કૂલની રમત-ગમતમાં રાજય કક્ષાએ ગર્જના

## ઇન્ટર DLSS સ્વીમીંગ લીગ-૨૦૨૬માં ઐતિહાસિક સિદ્ધિ




અમરેલી, તા. ૧૧

અમરેલી ૨૭ એપ્રિલ ૨૦૨૬માં રોજ ઈન્ટર DLSS સ્વીમીંગ લીગની રાજય કક્ષા સ્વીમીંગ સ્પર્ધાનું આયોજન દેવગઢબારિયા ખાતે કરવામાં આવ્યું હતું. રાજયભરના વિવિધ શ્રેષ્ઠ શાળાકીય સ્વીમીંગ ટીમોએ બહોળી સંખ્યામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ગજેરા કેમ્પસ-વિદ્યાસભાના DLSS ખેલાડીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રાજય કક્ષાએ પોતાની આગવી ઓળખ ઉભી કરી. જેમાં ૧) વાળા અર્ચનાબા ૧૦૦મી ફ્રી સ્ટાઈલ સુવર્ણ પદક તેમજ ૫૦મી ફ્રી સ્ટાઈલ સુવર્ણ પદક મેળવેલ, ૨) શેખ પૂજા ૧૦૦મી બેક સ્ટ્રોક -સુવર્ણ પદક મેળવેલ, ૩) બાવળિયા વૈશાલી -બટરફલાય ૧૦૦મી માં સુવર્ણ અને ૫૦મી -રજત પદક મેળવેલ, ૪) વાળા સૂર્યદેવ - ૧૦૦ અને ૫૦ ફ્રી સ્ટાઈલમાં રજત પદક, ૫) બારૈયા મયુરી - ૧૦૦ ફ્રી સ્ટાઈલ રજત અને ૫૦ આઈએમમાં કાંસ્યપદક મેળવેલ, ૬) વાળા નિષાબા ૨૦૦ આઈએમમાં રજત પદક, ૭) ઓળકીય પૂર્વા-૧૦૦ અને ૫૦ બેસ્ટમાં રજત તથા કાંસ્ય પદક, ૮) કલોતરા નિતીન-૫૦ બેસ્ટમાં કાંસ્ય, ૯) વાળા રાજવીર - ૧૦૦ બેસ્ટમાં કાંસ્ય પદક, ૧૦) જતાપરા કિરણ -૧૦૦ બેસ્ટમાં કાંસ્ય પદક, ૧૧) પરમાર જયદીપ- ૧૦૦ ફ્રીમાં કાંસ્ય પદક, ૧૨) વાઘેલા રવિના -૫૦ બેકમાં કાંસ્ય, ૧૩) ગોઢકિયા પ્રાંજલ- ૫૦ ફ્રીમાં કાંસ્ય પદક મેળવેલ. જે કઠોર મહેનત, શિસ્તબદ્ધ પ્રશિક્ષણ અને આત્મવિસના બળ પર બહેનોએ સ્વિમિંગ સ્પર્ધાના વિવિધ ઈવેન્ટ્સમાં ઉત્તમ દેખાવ કરતા સિદ્ધિઓ હાંસલ કરી અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યુ. સ્વિમિંગના ખેલાડીઓએ પ્રારંભિક રાઉન્ડથી જ પોતાની શકિતનો પરિચય આપતા સતત શ્રેષ્ઠ પ્રતિભા નોંધાવી અને ફાઈનલ સુધી સફળ સફર કરી રાજયસ્તરે સ્થાન પ્રાપ્ત કર્યુ. આ સિદ્ધિ સમગ્ર સંસ્થા પરિવાર અને જિલ્લામાં આનંદ તથા ગર્વની લાગણી પ્રગટાવનારી બની છે. સંસ્થામાં શિક્ષણ સાથે રમત-ગમતને સમાન મહત્વ આપવામાં આવે છે. અનુભવી કોચ અને ટ્રેનરોના માર્ગદર્શન હેઠળ નિયમિત પ્રશિક્ષણ, આધુનિક સુવિધાઓ અને પ્રોત્સાહનના કારણે વિદ્યાર્થીઓ રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિઓ હાંસલ કરી રહ્યા છે. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મેનેજીંગ ટ્રસ્ટી અશોકભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ સ્વીમીંગ ખેલાડી, કોચ પ્રીતમ પટેલ અને ટ્રેનર દીપેન ધુતને અભિનંદન પાઠવી વધુ ઊંચી સિદ્ધિઓ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. તેમ વિદ્યાસભાની યાદી જણાવે છે.

### હાઈકમાનની ચિંતા વધી

# કેરલમમાં કોંગ્રેસની જીત છતાં CM પદ માટે ભારે ખેંચતાણ

## વેણુગોપાલ કે સતીશનમાંથી કેરલમના મુખ્યમંત્રી કોણ? નક્કી કરવામાં કોંગ્રેસને પરસેવો છૂટ્યો

કેરલમ, તા.૧૧


કેરલમમાં કોંગ્રેસની ભવ્ય જીત બાદ મુખ્યમંત્રી પદ માટે ભારે ખેંચતાણ શરૂ થઈ છે. પાંચ રાજ્યોના પરિણામો જાહેર થયાને દિવસો વીતી ગયા હોવા છતાં અને અન્ય રાજ્યોમાં શપથવિધિ પૂર્ણ થઈ ગઈ હોવા છતાં, કેરલમમાં કોંગ્રેસ હજુ સુધી કોઈ એક નામ પર સહમતી સાધી શકી નથી. કેન્દ્રીય નેતૃત્વ અત્યારે બે દિગ્ગજ નેતાઓ વચ્ચે સંતુલન જાળવવાના પ્રયાસમાં છે, જેના કારણે સત્તાના સિંહાસન પર કોણ બેસશે તે અંગેની મડાગાંઠ વધુ ગૂંચવાઈ છે.પાંચ રાજ્યોની વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ તમિલનાડુ અને બંગાળમાં નવી સરકારોએ વહીવટ સંભાળી લીધો છે, પરંતુ કેરલમમાં જીત્યા હોવા છતાં કોંગ્રેસ હજુ સુધી મુખ્યમંત્રીના નામનો નિર્ણય કરી શકી નથી. ગત બુધવારે તિરુવનંતપુરમમાં નેતાઓની મહત્ત્વની બેઠક મળી હતી, પરંતુ તે કોઈ પરિણામ વગર પૂરી થઈ હતી. હાલની પરિસ્થિતિ જોતા દિલ્હી હાઈકમાન પણ દ્વિધામાં છે અને આખરી નિર્ણય લેવા માટે વધુ સમય માંગી રહ્યું છે. પક્ષનું નેતૃત્વ ઈચ્છે છે કે સરકારની શરૂઆત થાય તે પહેલાં જ જૂથવાદ કે આંતરિક વિખવાદ જેવી કોઈ સ્થિતિ ઊભી ન થાય, તેથી અત્યંત સાવચેતીપૂર્વક આગળ વધી રહ્યું છે.

કેરલમમાં મુખ્યમંત્રીની રેસ હવે બે મુખ્ય નેતાઓ વચ્ચે અટકી છે. એક તરફ રાહુલ ગાંધીના નજીકના ગણાતા અને એઆઈસીસી જનરલ સેક્રેટરી કેસી વેણુગોપાલ છે, જેમના પક્ષમાં મોટી સંખ્યામાં ધારાસભ્યો છે. ધારાસભ્યોને લાગે છે કે વેણુગોપાલ હાઈકમાનના નજીકના હોવાથી ભવિષ્યમાં તેમને ફાયદો થઈ શકે છે. બીજી તરફ વીડી સતીશન છે, જેઓ લાંબા સમયથી કેરલમની સ્થાનિક રાજનીતિમાં સક્રિય છે અને વિપક્ષના નેતા તરીકે મજબૂત પકડ ધરાવે છે. સતીશનના સમર્થનમાં કેરલમના ઘણા વિસ્તારોમાં કાર્યકરો દ્વારા પ્રદર્શન પણ કરવામાં આવ્યા છે.કેસી વેણુગોપાલને વધુ ધારાસભ્યોનું સમર્થન હોવાનું ચર્ચાઈ રહ્યું છે, તેમ છતાં કોંગ્રેસનું સંગઠન, પાયાના કાર્યકરો અને યુડીએફ (UDF) ગઠબંધનના સાથી પક્ષો જેવા કે ઈન્ડિયન યુનિયન મુસ્લિમ લીગ વીડી સતીશનને મુખ્યમંત્રી બનાવવાના પક્ષમાં છે. આ ગૂંચ ઉકેલવા માટે શનિવારે દિલ્હીમાં એક હાઈ-લેવલ બેઠક યોજાઈ હતી, જેમાં સતીશન સહિત રમેશ ચેન્નીથલા અને પ્રદેશ અધ્યક્ષ સની જોસેફ હાજર રહ્યા હતા. વિવાદનું મુખ્ય કારણ એ પણ છે કે કેસી વેણુગોપાલ અત્યારે ધારાસભ્ય નથી પણ સાંસદ છે, છતાં તેમની મુખ્યમંત્રી બનવાની ઈચ્છાને કારણે પક્ષમાં વિવાદ જન્માવ્યો છે.કેરલમની કુલ ૧૪૦ બેઠકોમાંથી કોંગ્રેસના નેતૃત્વ હેઠળના યુડીએફ ગઠબંધને ૧૦૨ બેઠકો જીતીને સ્પષ્ટ બહુમતી મેળવી છે. મુકુલ વાસનિક અને અજય માકન જેવા કેન્દ્રીય નિરીક્ષકોએ ૬૩ ધારાસભ્યો સાથે વ્યક્તિગત મુલાકાત પણ કરી છે. હવે જોવાનું એ રહેશે કે હાઈકમાન ધારાસભ્યોની પસંદગીને મહત્ત્વ આપે છે કે સંગઠન અને કેડરના વિશ્વાસપાત્ર એવા વીડી સતીશન પર પસંદગી ઉતારે છે. આગામી એક-બે દિવસમાં આ મડાગાંઠ ઉકેલાય તેવી શક્યતા છે.


હેપ્પી બર્થ ડે...
અમરેલીના નિર્ભયનો જન્મદિન હોવાથી
પપ્પા : ભરતકુમાર કાતરીયા
દાદી : વિમળાબેન, દાદા : રામજીભાઈ
મોટા પપ્પા : સંજયભાઈ (વકીલ) તથા કાતરીયા
પરિવાર તરફથી લાડકડા નિર્ભયના
તેના જન્મદિન નિમિતે ખૂબ ખૂબ શુભકામનાઓ
સહ આર્શિવાદ... મુ. અમરેલી

નિર્ભય કાતરીયા


# સાવરકુંડલાનાં અગ્રણી ચંદ્રેશ રવાણીનો આજે જન્મદિવસ



સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલાના રઘુવંશી સમાજનું ગૌરવ અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના કર્મઠ અને ગતિશીલ નેતા ચંદ્રેશભાઈ રવાણીનો આજે જન્મદિવસ છે. સેવા, સમર્પણ અને મજબૂત ઈરાદાઓના પ્રતીક સમાન ચંદ્રેશભાઈને આજે વહેલી સવારથી જ શુભેચ્છકો, મિત્ર વર્તુળ અને રાજકીય અગ્રણીઓ તરફથી શુભેચ્છાઓ મળી રહી છે.દેશ જયારે જ્ઞાતિ-જાતિ અને ધર્મના નામે મુંઝવણમાં છે, ત્યારે યુવા પેઢીને અંધકારમાંથી પ્રકાશ તરફ દોરી જવાની ક્ષમતા ધરાવતા ચંદ્રેશભાઈ જેવા સ્પષ્ટ દ્રષ્ટિકોણવાળા નેતાની જરૂરિયાત વર્તાઈ રહી છે. તેમના મજબૂત આત્મવિસ અને નિઃસ્વાર્થ લોકસેવાના ગુણોને કારણે તેઓ જનમાનસમાં એક આગવું સ્થાન ધરાવે છે.

### ધારાસભ્ય જનક તળાવીયાના વરદ હસ્તે

# બાબરાના વાંડળીયા ખાતે પૂર સંરક્ષણ દીવાલનું ખાતમુહૂર્ત કરાયુ

## રૂ.૪૩ લાખના ખર્ચે પ્રોટેક્શન દીવાલનું નિર્માણ કાર્ય શરૂ થશે



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

બાબરા, તા. ૧૧

બાબરા તાલુકાના વાંડળીયા ગામ ખાતે ગ્રામજનોની લાંબા સમયથી ચાલી આવતી મહત્વપૂર્ણ માંગણીને અનુરૂપ પૂર સંરક્ષણ દિવાલ (પ્રોટેકશન વોલ)ના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. રાજય સરકાર દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં પૂરથી થતી નુકશાની અટકાવવા તથા ગામની સુરક્ષા સુનિશ્ચિત કરવામાટે વિવિધ વિકાસલક્ષી યોજનાઓ અમલમાં મુકવામાં આવી રહી છે, જેના ભાગરૂપે આ મહત્વાકાંક્ષી કાર્ય હાથ ધરવામાં આવ્યું છે.

આ પ્રોટેકશન દિવાલનું નિર્માણ અંદાજે રૂ. ૪૩.૫૦ લાખના ખર્ચે કરવામાં આવનાર છે. ગામની આસપાસ વરસાદી પાણીના પ્રવાહ અને પૂર જેવી પરિસ્થિતિઓમાં ખેડૂતોની જમીન, રહેણાંક વિસ્તારો તથા સ્થાનિક માર્ગોને નુકસાન ન થાય તે માટે આ દિવાલ અત્યંત ઉપયોગી સાબિત થશે. વર્ષો દરમિયાન ભારે વરસાદ સમયે ગામમાં સર્જાતી મુશ્કેલીઓને ધ્યાનમાં રાખી ગ્રામજનો દ્વારા વારંવાર રજૂઆત કરવામાં આવી હતી, જેને ધ્યાને લઈ વિકાસ કાર્યને મંજૂરી આપવામાં આવી છે.

આ મહત્વપૂર્ણ વિકાસકાર્યનું ખાતમુહૂર્ત જનક તળાવિયાના વરદહસ્તે કરવામાં આવ્યુ. કાર્યક્રમમાં ગામના સરપંચ લલીતભાઈ વેકરિયા, જીલ્લા પંચાયતના સદસ્ય અમરશીભાઈ વાઘેલા, હિતેશભાઈ કલકાણી, તાલુકા પંચાયત સભ્ય અજિતભાઈ ખોખરીયા, મહેશભાઈ ભાયાણી, પિન્ટુભાઈ જસાણી, ધર્મેશભાઈ વાવડીયા, અનિભાઈ મકવાણા સહિત સ્થાનિક આગેવાનો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ગામના સર્પ લલિતભાઈ વેકરિયા દ્વારા જણાવાયું હતું કે પૂર સંરક્ષણ દિવાલના નિર્માણથી વરસાદી મોસમ દરમિયાન ગામને સુરક્ષા મળશે તેમજ ખેડૂતોને થતી આર્થિક નુકશાનીમાં ઘટાડો થશે. આ વિકાસ કાર્યથી સ્થાનિકોમાં ખુશીની લાગણી વ્યાપી છે અને ગ્રામજનો દ્વારા રાજય સરકાર તેમજ ધારાસભ્યનો આભાર વ્યકત કરવામાં આવ્યો છે.

ગામના સર્વાંગી વિકાસ માટે આવનારા સમયમાં પણ આવા અનેક વિકાસકાર્યો હાથ ધરાશે તેવી આશા સ્થાનિકોએ વ્યકત કરી છે.

### કોંગ્રેસે કેન્દ્ર સામે લગાવ્યાં ગંભીર આરોપ

# રાહુલ ગાંધી અને વિજય થલાપતિની રીલ અંગે વિવાદ

## રાહુલ ગાંધી-વિજયની વાઇરલ પોસ્ટ ઈન્સ્ટાગ્રામ પર બ્લોક

ચેન્નઈ, તા.૧૧

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને તમિલનાડુના મુખ્યમંત્રી તરીકે શપથ લેનારા અભિનેતા વિજયની મુલાકાતની સોશિયલ મીડિયા પોસ્ટ બ્લોક થવાને લઈને મોટો વિવાદ સર્જાયો છે. કોંગ્રેસે આ મામલે કેન્દ્ર સરકાર પર પ્રહારો કર્યા છે, જ્યારે સરકારે આ આરોપોને નકારી કાઢ્યા છે. કોંગ્રેસે રવિવારે દાવો કર્યો હતો કે, ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી મંત્રાલય (MeitY)ના નિયમોને કારણે ઈન્સ્ટાગ્રામ દ્વારા વિપક્ષના નેતા રાહુલ ગાંધીની એ પોસ્ટ અને રીલને બ્લોક કરી દેવામાં આવી હતી, જેમાં તેઓ અભિનેતા-રાજનેતા વિજય સાથે જોવા મળ્યા હતા. રાહુલ ગાંધી રવિવારે ચેન્નાઈમાં વિજયના શપથ ગ્રહણ સમારોહમાં હાજર રહ્યા હતા અને બાદમાં તેમણે આ તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી હતી. જોકે, વિવાદ બાદ હવે આ પોસ્ટ ફરીથી રિસ્ટોર કરી દેવામાં આવી છે.રાહુલ ગાંધીના સહયોગી શ્રીવત્સે સોશિયલ મીડિયા પર ગંભીર આરોપ લગાવતા જણાવ્યું કે, રાહુલ ગાંધી અને વિજયની આ રીલને માત્ર એક કલાકમાં ૧.૨ કરોડ (૧૨ મિલિયન) વ્યૂઝ મળ્યા હતા અને તેમની ફોટો પોસ્ટ ૪.૬ કરોડ (૪૬ મિલિયન) લોકો સુધી પહોંચી ગઈ હતી. આટલી મોટી સફળતા છતાં મેટા કંપનીએ કોઈ પણ કારણ આપ્યા વગર એકાઉન્ટ બ્લોક કરી દીધું હતું. કોંગ્રેસે આક્ષેપ કર્યો છે કે આ કોઈ નવી વાત નથી, લાંબા સમયથી રાહુલ ગાંધીના X એકાઉન્ટ, યુટ્યુબ અને ઈન્સ્ટાગ્રામ પર લોકો સુધી પહોંચવાના વ્યાપને જાણીજોઈને રોકવામાં આવી રહ્યો છે. કોંગ્રેસના મતે, આ ટેકનિકલ ખામી નથી પરંતુ વિપક્ષના નેતાનો અવાજ જનતા સુધી પહોંચતો રોકવાનું એક સુનિયોજિત કાવતરું છે.કેરળ કોંગ્રેસે ભાજપ સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, સરકારની અસુરક્ષા હવે હદ વટાવી ગઈ છે. જ્યારે પણ બે લોકપ્રિય નેતાઓની મુલાકાતનો વીડિયો વાઈરલ થાય છે, ત્યારે અચાનક ટેકનિકલ ખામીના નામે તેને રોકી દેવો એ સત્તાનો ખુલ્લો દુરુપયોગ છે. કોંગ્રેસે વધુમાં જણાવ્યું કે, સરકાર ભલે ટીવી કે અખબારો જેવા મુખ્યધારાના મીડિયાને કાબૂમાં રાખતી હોય, પરંતુ સોશિયલ મીડિયા પર જનતાનો જે અભૂતપૂર્વ પ્રતિસાદ મળી રહ્યો છે તેનાથી તે ગભરાઈ ગઈ છે. તેમણે સ્પષ્ટ કર્યું કે સરકાર ગમે તેટલા પ્રયત્નો કરે, પણ તે વાસ્તવિકતા પર શેડો બેન લગાવી શકશે નહીં.બીજી તરફ, ભારત સરકારના આઈટી મંત્રાલય (MeitY) એ કોંગ્રેસના તમામ આરોપોને પાયાવિહોણા ગણાવ્યા છે. મંત્રાલયના સૂત્રોએ સ્પષ્ટ કર્યું છે કે રાહુલ ગાંધીની પોસ્ટ બ્લોક કરવા પાછળ સરકારનો કોઈ હાથ નથી. તેમના જણાવ્યા અનુસાર, ઈન્સ્ટાગ્રામની પોતાની આંતરિક સિસ્ટમમાં આવેલી ટેકનિકલ ખામીને કારણે આ પોસ્ટ ભૂલથી ફ્લેગ થઈ ગઈ હતી અને બ્લોક થઈ હતી. સરકારે ભારપૂર્વક જણાવ્યું છે કે વિપક્ષના નેતા પર કોઈ પ્રતિબંધ મૂકવામાં આવ્યો નથી, આ માત્ર એક સામાન્ય ટેકનિકલ ક્ષતિ હતી, જેને હવે સુધારી લેવામાં આવી છે.

### વસ્તી ગણતરીદાર શિક્ષકોની માંગ

# અમરેલી : કાળઝાળ ગરમીનાં સમયમાં વસ્તી ગણતરીની તાલીમનો સમય સવારનો કરો

અમરેલી, તા. ૧૧

તાજેતરમાં જ વસ્તી ગણતરીની તાલીમ શરૂ થવા જઈ રહી છે. ત્યારે આ કાળઝાળ ગરમીના કારણે વસ્તી ગણતરી તાલીમનો સમય સવારનો રાખવા અંગે વસ્તી ગણતરીદાર શિક્ષકો દ્વારા કરવામાં આવેલ છે.

રાજયભરમાં આગામી વસ્તી ગણતરીની કામગીરી માટે થઈ શિક્ષક મિત્રોને વિવિધ તબક્કાની તાલીમ આપવામાં આવનાર છે. હાલ રાજયમાં ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છ સહિત અમરેલીમાં અનેક વિસ્તારોમાં ૪૫ ડિગ્રી જેટલું અસહ્ય તાપમાન નોંધાય રહ્યું છે. ઉનાળામાં બપોરના સમયમાં ગરમીનું પ્રમાણ અત્યંત વધતું હોવાથી લાંબા સમય સુધી તાલીમમાં બેસવું શિક્ષક મિત્રો માટે શારીરિક રીતે કઠિન અને આરોગ્યની દ્રષ્ટિએ ખૂબ જ જોખમી બની શકે તેમ છે.

ત્યારે ઘણા શિક્ષક મિત્રો દ્વારા એવી રજૂઆતો કરવામાં આવેલ છે કે બપોરના સમયે યોજાતી વસ્તી ગણતરીની તાલીમ દરમિયાન ભારે ગરમીના કારણે શિક્ષકોને થાક, ડિહાઈડ્રેશન, ચક્કર આવવા જેવી પરિસ્થિતિઓ સર્જાય શકે તેમ છે, જેના કારણે આ તાલીમમાં યોગ્ય એકાગ્રતા જળવાઈ રહેતી નથી અને વસ્તી ગણતરી જેવી મહત્વપૂર્ણ અને જવાબદારીપૂર્ણ કામગીરી માટે થઈ તાલીમ અસરકારક અને ગુણવત્તાસભર રહે તે અત્યંત આવશ્યક છે.

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષણિક મહાસંઘના હેમેન કોઠારીના જણાવ્યા મુજબ પ્રાંત ટીમને નમ્ર વિનંતી છે કે શિક્ષક મિત્રોના આરોગ્ય, સુવિધા તથા તાલીમની ગુણવત્તાને ધ્યાનમાં રાખી વસ્તી ગણતરી તાલીમનો સમય વહેલી સવારનો રાખવા બાબતે સરકાર સમક્ષ પરિણામ લક્ષી રજૂઆત કરવામાં આવે જેથી શિક્ષક મિત્રો સરળતાથી અને ઉત્સાહપૂર્વક તાલીમમાં ભાગ લઈ શકે. શિક્ષકહિતના આ પ્રશ્ને યોગ્ય કાર્યવાહી કરવા માંગ કરી છે.

### ૮.૨૮ લાખનું ઘી અને જાણીતી બ્રાન્ડ્સના પેકિંગ જપ્ત

# ડીસામાં શુદ્ધ ઘીના નામે થતી ભેળસેળનો પર્દાફાશ થયો

## ફૂડ વિભાગે આ દરોડા દરમિયાન કુલ ૧૪૪૪ કિલો શંકાસ્પદ ઘી કબજે કર્યું છે

બનાસકાંઠા,તા.૧૧

ડીસા શહેરમાં શુદ્ધ ઘીના નામે ભેળસેળિયું ઘી વેચાતું હોવાની બાતમીને આધારે બનાસકાંઠા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે ત્રણ અલગ-અલગ પેઢીઓ પર દરોડા પાડ્યા હતા. આ કાર્યવાહી દરમિયાન શંકાસ્પદ ઘીનો મોટો જથ્થો મળી આવતા અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા હતા.

બજારમાં લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી વેચાઈ રહેલા આ ઘીના જથ્થાને તાત્કાલિક અસરથી સીઝ કરવામાં આવ્યો છે.

ફૂડ વિભાગે આ દરોડા દરમિયાન કુલ ૧૪૪૪ કિલો શંકાસ્પદ ઘી કબજે કર્યું છે, જેની બજાર કિંમત અંદાજે ૮,૨૮,૪૯૦ રૂપિયા આંકવામાં આવી છે. તપાસ દરમિયાન 'પરિવાર કાઉ ઘી', 'કવિરાજ કાઉ ઘી' અને 'શ્રેષ્ઠ કાઉ ઘી' જેવી વિવિધ બ્રાન્ડના નામે વેચાતા ઘીનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. આ બ્રાન્ડ્સના નામે શુદ્ધ ગાયના ઘી તરીકે માર્કેટમાં વેચાણ કરવામાં આવતું હતું.

ફૂડ વિભાગે જપ્ત કરેલા ઘીના જથ્થામાંથી નમૂના લઈ તેને પૃથક્કરણ માટે FSL (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી) માં મોકલી આપ્યા છે. લેબોરેટરીના રિપોર્ટ આવ્યા બાદ આ ઘીમાં કયા પ્રકારની ભેળસેળ કરવામાં આવી હતી તે સ્પષ્ટ થશે.

ફૂડ વિભાગની આ કડક કાર્યવાહીને પગલે ભેળસેળ કરતા વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. તંત્ર દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે લોકોના આરોગ્ય સાથે ચેડાં કરનાર કોઈપણ શખ્સને છોડવામાં આવશે નહીં.

### મોદીની ઈંધણ બચાવો અપીલ બાદ સરકારની હૈયાધારણા

# દેશમાં પેટ્રોલ, ડીઝલ, LPG કે ક્રૂડ ઓઈલની કોઈ પણ પ્રકારની અછત નથી

## ભારત પાસે ઈંધણનો પૂરતો સ્ટોક છેઃ સરકાર

નવી દિલ્હી, તા.૧૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વૈશ્વિક તણાવ વચ્ચે દેશવાસીઓને ઈંધણ બચાવવા માટે કરેલી અપીલના એક દિવસ બાદ કેન્દ્ર સરકારે મહત્ત્વની સ્પષ્ટતા કરી છે. સોમવારે સરકારે ખાતરી આપી છે કે દેશમાં પેટ્રોલ, ડીઝલ, LPG કે ક્રૂડ ઓઈલની કોઈ પણ પ્રકારની અછત નથી, તેથી નાગરિકોએ ગભરાવાની કે પેનિક બાયિંગ કરવાની જરૂર નથી. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષની સ્થિતિ અંગે યોજાયેલી આંતર-મંત્રાલય બ્રીફિંગ દરમિયાન કેન્દ્રના અધિકારીઓએ જણાવ્યું હતું કે ભારત પાસે ઈંધણનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે અને આ ક્ષેત્રમાં ચાલી રહેલા સંઘર્ષની અસર ઘટાડવા માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવ્યા છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરીએ બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, "ભારત પાસે ક્રૂડ ઓઈલ, LPG, પેટ્રોલ અને ડીઝલનો પૂરતો સ્ટોક છે. ભારતની ઉર્જા આયાતનો લગભગ ૯૦% હિસ્સો અસરગ્રસ્ત પ્રદેશમાંથી આવે છે, પરંતુ સરકારે સપ્લાયમાં કોઈ પણ વિક્ષેપ ન આવે તે માટે ઝડપી પગલાં લીધા છે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, "કોઈ અછત નથી. વડાપ્રધાનની તાજેતરની અપીલને ઉર્જા સંરક્ષણ અને વૈશ્વિક અનિશ્ચિતતાના સમયમાં દેશ પરના આર્થિક બોજને ઘટાડવાના પ્રયાસ તરીકે જોવી જોઈએ."

અધિકારીઓએ સ્પષ્ટ કર્યું હતું કે વડાપ્રધાન મોદીએ બિનજરૂરી મુસાફરી ઘટાડવા અને ઈંધણ બચાવવા માટે જે સંદેશ આપ્યો હતો, તેને પુરવઠાની અછતના પ્રતિભાવ તરીકે નહીં, પરંતુ ઉર્જા બચાવવાની ભાવના તરીકે જોવો જોઈએ. વૈશ્વિક ભૌગોલિક રાજકીય તણાવ ઊર્જા બજારોને અસર કરી રહ્યા છે ત્યારે જવાબદાર ઉપયોગ પ્રોત્સાહિત કરવા માટે આ અપીલ કરવામાં આવી હતી.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે ભારત તેના ઉર્જા સંરક્ષણ અને પુરવઠાના પ્રયાસોના ભાગરૂપે અનેક દેશો પાસેથી ઉર્જા ખરીદવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેમણે પશ્ચિમ એશિયાની સ્થિતિ પર ભારતના વલણને દોહરાવતા કહ્યું કે ભારત શરૂઆતથી જ શાંતિ અને સંવાદનું સમર્થન કરે છે.

બંદર અને શિપિંગ મંત્રાલયના અધિકારી ઓપેશ શર્માએ માહિતી આપી હતી કે અત્યાર સુધીમાં ૧૦ ભારતીય ધ્વજ ધરાવતા જહાજો કોઈ પણ વધારાના ચાર્જ ચૂકવ્યા વિના સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાંથી સુરક્ષિત રીતે બહાર નીકળી ગયા છે. હજુ ૧૩ જહાજો આ પ્રદેશમાં છે અને તેમને સુરક્ષિત રીતે પાછા લાવવાના પ્રયત્નો ચાલુ છે. ક્રૂ મેમ્બરોની સુખ-સુવિધાનું પણ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે.

# ચમારડી ખાતે ગોપાલભાઈ વસ્તરપરાનાં "રાધે ફાર્મ" ખાતે સાધુ, સંતોની પધરામણી






તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા તાલુકાના ચમારડી ગામે વતન પ્રેમી ગોપાલભાઈ વસ્તરપરા દ્વારા ચમારડી ગામની વહેતી નદીઓનું નવ નિર્માણ થવા જઈ રહ્યુ છે ત્યારે આજે ગોપાલભાઈ વસ્તરપરાના માર્ગદર્શન હેઠળ ભવ્ય સાધુ સંતોની પધરામણી કરવા આવી હતી જેમાં ગત તા ૯/૫ના રોજ સાજે ૫ વાગ્યે ચમારડી વસ્તરપરા પરીવારના કુળદેવી માતાજીના મઢેથી રાધે ફાર્મ હાઉસ સુધી સાધુ સંતોના સામૈયા સાથે વાજતે ગાજતે શોભાયાત્રા કાઢવામાં આવી હતી જેમાં ઉપસ્થિત પરમ પૂજય શેરનાથ બાપુ, ગોરક્ષનાથ આશ્રમ જૂનાગઢ પરમ પૂજય આઈ શ્રી દેવલ માં, બલીયાવડ જૂનાગઢ પરમ પૂજય ૧૦૦૮ નિર્મળાબા પાળીયાદ ધામ સહિતના સાધુ સંતો ઉપસ્થિત રહીને આશિર્વાદ પાઠવ્યા હતા ત્યારે બાદ રાત્રિના ભોજન પ્રસાદ અને ભવ્ય લોકડાયરો સંતવાણીના કલાકાર નારાયણ ઠાકર, લોક સાહિત્યકાર શિવરાજભાઈ વાળા સહિત લોકડાયરોમાં રમઝટ બોલાવી હતી ત્યારે આ કાર્યક્રમમાં ચમારડી ગામના સર્વ સમાજના લોકોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને સાધુ સંતોના આશીર્વાદનો લાભ લીધો હતો.

પાના ૧ ઉપરનું ચાલું

## ૨૩.૨૩ કરોડનાં ખર્ચે બનશે બે અન્ડરપાસ

આ પ્રોજેક્ટથી આસપાસના ૨૪ ગામોના હજારો લોકોને સીધો લાભ મળશે.

ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ આ મંજૂરી બદલ કેન્દ્રના રેલવે કેન્દ્ર સરકારના રેલ્વે મંત્રી અનિી વૈષ્ણવ તેમજ અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા તેમજ રાજય સરકારનો આભાર વ્યકત કર્યો હતો.

આ જાહેરાત બાદ સમગ્ર લીલીયા પંથકમાં ખુશી અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિક આગેવાનો, વેપારીઓ, ખેડૂતો, યુવાનો તેમજ સામાન્ય નાગરિકોએ ધારાસભ્ય મહેશભાઈ કસવાળાના આ લોકહિતના પ્રયત્નોને બિરદાવ્યા છે. લોકોમાં આશા વ્યકત કરવામાં આવી રહી છે કે વર્ષો જૂનો આ પ્રશ્ન હવે હંમેશ માટે દૂર થશે અને લીલીયા તાલુકાના વિકાસને નવી ગતિ મળશે.

સંકુલ ગર્લ્સ આર્ટસ બપોર
સંકુલ મિશ્ર આર્ટસ સવાર
ધો. ૧૧-૧૨ સોસીયો Eco. Poli.
ધો. ૧૧-૧૨ હિસ્ટ્રી Geo.. Poli.
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ સ્વાસ–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad056

## અવસાન નોંધ

**અમરેલી :** સૌરાષ્ટ્ર બાજખેડાવાળ બ્રાહ્મણ દુર્ગાબેન દલસુખરાય જોષી (ઉ.વ. ૭૭) તે સ્વ. દલસુખરાય નરભેરામભાઈ જોષીનાં પત્ની, તે વિરલભાઈ (ગાંધીધામ), તુષારભાઈ (અમરેલી) તેમજ મનીષાબેન સંજયભાઈ મહેતા (વડોદરા)ના માતા તેમજ ગીતાબેન વીરલભાઈ જોષી, કોમલબેન તુષારભાઈ જોષી, સંજયભાઈ મહેતાનાં સાસુ, ધ્રુવી, રૂદ્રી તથા દેવનાં દાદી, કોટડાપીઠાનાં પત્રકાર ગીરીશભાઈ મહેતા તથા ભરતભાઈ મહેતાનાં મોટાબેનનું તા. ૧૦ના અવસાન થયેલ છે. સ્વ.નું બેસણું



તા. ૧૪/૫/૨૬ ને ગુરૂવારનાં રોજ સાંજનાં ૪ થી ૬ ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડિંગ નાગનાથ મંદિર પાસે અમરેલી ખાતે રાખેલ છે.

**વડિયા :** વાવડી નિવાસી સવિતાબેન નવલકિશોરભાઈ વણઝારા તે સ્વ. નવલકિશોરભાઈ શાંતિલાલ વણઝારાના ધર્મપત્ની તેમજ ભરતભાઈ, દિલીપભાઈ, અતુલભાઈ, સોનલબેન, રેખાબેન નીતિનકુમાર આડતિયાના માતા તેમજ સ્વ. કાંતિલાલ નાનજીભાઈ ચાગલાણી (અમદાવાદ), સ્વ. ભીખાલાલ મોહનભાઈ ચાગલાણી (રાજકોટ) ના બહેન નું તા. ૧૦/૫/૨૦૨૬ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું અને પિયરપક્ષની સાદડી તા. ૧૧/૫/૨૦૨૬ને સોમવારે સાંજે ૫ થી ૬ કલાકે તેમના નિવાસ સ્થાને સ્ટેશન વાવડી મુકામે રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૭૦ | ૧૪૫૫ |
| ૩ | શિંગદાણા | ૧૮૬૫ | ૧૮૬૫ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૫૮૦ | ૧૮૩૫ |
| ૫ | તલ સફેદ | ૧૧૪૦ | ૨૪૮૦ |
| ૬ | તલ કાળા | ૨૩૯૦ | ૩૬૨૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૦૦૦ | ૨૨૦૦ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૫૧૫ |
| ૯ | જુવાર | ૪૦૦ | ૮૯૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૮૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૦ | ૪૭૫ |
| ૧૨ | મગ | ૧૩૨૫ | ૧૭૮૫ |
| ૧૩ | અડદ | ૬૩૫ | ૧૨૩૦ |
| ૧૪ | ચણા | ૮૦૦ | ૧૦૫૫ |
| ૧૫ | ચણા દેશી | ૧૦૨૦ | ૧૦૨૦ |
| ૧૬ | સફેદ ચણા | ૧૦૨૫ | ૧૦૭૫ |
| ૧૭ | છોલે ચણા | ૧૨૯૦ | ૧૪૯૦ |
| ૧૮ | તુવેર | ૮૦૦ | ૧૪૪૦ |
| ૧૯ | કપાસ | ૭૦૫ | ૧૯૯૫ |
| ૨૦ | એરંડા | ૧૦૧૦ | ૧૨૭૦ |
| ૨૧ | જીરૂ | ૨૨૦૦ | ૩૮૫૫ |
| ૨૨ | રાયડો | ૧૧૫૫ | ૧૨૨૦ |
| ૨૩ | રાય | ૧૦૦૦ | ૧૩૮૦ |
| ૨૪ | ધાણા | ૨૦૧૫ | ૨૫૬૦ |
| ૨૫ | મેથી | ૯૮૫ | ૧૩૧૫ |
| ૨૬ | સોયાબીન | ૧૨૦૦ | ૧૩૩૫ |
| ૨૭ | મરચા લાંબા | ૧૬૩૦ | ૪૬૦૦ |

## મહિલાનાં પિતા અને અન્ય સામે ફરિયાદ નોંધાઈ

# લાઠીનાં વીરપુર ગામે રત્નકલાકાર યુવકનાં ઘરમાં ઘુસીને મહિલા અને દીકરીનું અપહરણ

### યુવકને જાનથી મારી નાખવાની ધમકી આપી

અમરેલી, તા. ૧૧

લાઠી તાલુકાનાં વીરપુર ગામે રહેતાં અને હીરા ઘસવાનો વ્યવસાય કરતાં રમેશભાઈ વીરાભાઈ વાળા નામનાં ૪૦ વર્ષીય યુવકે ગત તા.૧૯/૩/૨૬ના રોજ રંઘોળા ગામની રહીશ વર્ષાબેન અરજણભાઈ ખમળ સાથે મૈત્રી કરાર કરેલ હતા. અને ત્યાર બાદથી આ વર્ષાબેન તથા તેના આગળનાં ઘરની દીકરી જેનાલીએ રીતેના આ યુવકના ઘરે વીરપુર ગામે તેમની સાથે રહેતા હતા.

ત્યારે ભાવનગર જિલ્લાનાં રંઘોળા ગામે રહેતાં મયાભાઈ ખમળ તથા અરજણભાઈ ખમળ આ યુવકને કહેતા હતા કે, અમારી ભાણેજ જેનાલીને અમોને સોંપી દો પરંતુ આ વર્ષાબેન પોતાની દીકરીને તેણીના માતા–પિતાને સોંપવા માંગતા નહતા. જેથી આરોપીઓને સારૂ નહી લાગતા તે વાતનુ મનદુઃખ રાખી ગત તા. ૯ના રોજ બપોરનાં ત્રણેક વાગ્યાનાં અરસામાં વીરપુર ગામે યુવકનાં રહેણાંક મકાને યુવતીનાં પિતા અન્ય અજાણ્યા આઠ ઈસમો મળી લાકડાનાં ધોકા જેવા હથીયારો ધારણ કરી અલગ અલગ બે ફોરવ્હીલમાં આવી મકાનની દીવાલ ટપી પ્રવેશ કરી યુવક સહિતનાઓને ગાળો આપી લાકડાનાં ધોકાઓ વડે યુવકને તથા તેમના બાને તથા પરિવારનાં અન્ય સભ્યોને તથા વર્ષાબેનને શરીરે આડેધડ માર મારી યુવકને ડાબા પગે ફેકચર તેમની બા ભાવનાબેનને ડાબા હાથે કોણીથી નીચેના ભાગે ફેકચર તેમજ યુવકનાં ભત્રીજા રાજવીર તથા દેવાંગ તથા ભત્રીજી શીયાને શરીરે ઈજા કરી વર્ષાબેન તથા તેની દીકરી જેનાલીને બળજબરી પૂર્વક ફોરવ્હીલમાં બેસાડી દઈ અપહરણ કરી લઈ જઈ તેમજ યુવકને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની યુવકે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં એસ.ટી. બસનાં અભાવે

ફાળવાતા મોટાભાગના લોકલ રૂટો કેન્સલ થયાં હતાં. ગારિયાધાર તરફ જતાં લોકલ રૂટો તેમજ ભાવનગર જતા રૂટોની બસો કેન્સલ થતાં અચાનક સજીધજીને આવતાં મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડેલ. કોઈ નાના બાળકો સાથે તેમજ માલસામાન લઈને આવતાં મુસાફરોની સ્થિતિ દયનીય જોવા મળી હતી. કોઈ શુભ પ્રસંગે તો કોઈ ઈમરજન્સી સારવાર માટે પણ મુસાફરી કરતા લોકોને જબરજસ્તી ખાનગી વાહનોવાળા વાહનોમાં વધુ ભાવ ચૂકવી મુસાફરી કરવી પડી હતી. એમાં પણ સાવરકુંડલા એસ.ટી. ડેપોનું રીનોવેશન ચાલે છે એટલે પ્લેટફોર્મ પર આવતી બસો પણ કયારે કયાં મૂકાશે એ નિશ્ચિત નથી. રડીખડી આવતી બસોમા પણ એટલી ગિરદી હતી કે અનેક મુસાફરો બસમાં ચડી શકતા ન હતાં. આવી પરિસ્થિતિમાં સાવરકુંડલાના બુદ્ધિજીવીઓ સવાલ ઉઠાવી રહ્યા છે કે, શું કરકસરના નિયમો માત્ર સામાન્ય નાગરિકો માટે જ છે ? જો વહીવટી તંત્ર જ લાખો લિટર ઈંધણનો વપરાશ કરીને ભીડ એકઠી કરવામાં વ્યસ્ત હોય તો પ્રધાનમંત્રીની આ અપીલ કેટલી સાર્થક ગણાય ? જનતાના ટેકસના પૈસે ચાલતી પરિવહન સેવાને રાજકીય કાર્યક્રમોમાં જોતરી દેતા, સામાન્ય માણસના 'આવશ્યક' કાર્યો અટકી પડયા છે. આ કથની અને કરણી વચ્ચેનો તફાવત હવે ચર્ચાનો વિષય બન્યો છે.

આવી પરિસ્થિતિ જોઈને સોમનાથમાં બિરાજિત ભોળાનાથ મહાદેવને કેવી ફિલીંગ થતી હશે ??

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૧૦૦ | ૧૨૫૧ |
| ૨ | ઘઉં | ૪૦૦ | ૪૪૬ |
| ૩ | ચણા | ૯૬૫ | ૧૦૩૦ |
| ૪ | તુવેર | ૧૦૫૫ | ૧૪૦૦ |
| ૫ | ધાણા | ૧૯૬૦ | ૨૪૨૧ |
| ૬ | એરંડા | ૧૦૮૦ | ૧૨૩૯ |
| ૭ | મગ | ૧૩૫૦ | ૧૭૭૦ |
| ૮ | તલ | ૧૫૪૦ | ૨૧૯૬ |
| ૯ | શીંગ ફાડા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૦ | મેથી | ૮૮૫ | ૧૨૮૦ |
| ૧૧ | કલોંજી | ૨૫૩૦ | ૨૫૩૦ |
| ૧૨ | જીરૂ | ૩૫૫૦ | ૩૫૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૫૫૩ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૦ | ૧૩૫૦ |
| ૩ | શીંગ દાણા | ૧૨૦૦ | ૧૫૫૦ |
| ૪ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૧૨૫ |
| ૫ | તલ કાળા | ૩૨૦૦ | ૩૪૫૦ |
| ૬ | જીરૂ | ૩૪૦૦ | ૩૮૪૧ |
| ૭ | કપાસ | ૧૫૦૦ | ૧૮૯૨ |
| ૮ | ઘઉં લોકવન | ૪૪૦ | ૪૮૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૪૯૦ |
| ૧૦ | બાજરો | ૪૫૦ | ૫૧૦ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૯૫૦ |
| ૧૨ | મકાઈ | ૪૦૦ | ૪૫૦ |
| ૧૩ | મગ | ૧૫૦૧ | ૧૮૦૦ |
| ૧૪ | ચણા | ૧૦૦૦ | ૧૦૭૨ |
| ૧૫ | દેશી ચણા | ૯૫૦ | ૧૦૬૦ |
| ૧૬ | તુવેર | ૧૦૦૦ | ૧૩૭૫ |
| ૧૭ | એરંડી | ૧૨૦૦ | ૧૨૫૦ |
| ૧૮ | મેથી | ૧૨૦૦ | ૧૩૯૦ |
| ૧૯ | રાય/રાયડો | – | ૧૩૦૦ |
| ૨૦ | ધાણા | ૨૦૦૦ | ૨૮૫૦ |
| ૨૧ | સોયાબીન | ૧૧૫૦ | ૧૨૯૦ |

## ૪૪-૪૫ ડિગ્રી તાપમાનમાં મુસાફરો માટે છાયા માટેની વ્યવસ્થા છતાં પ્લાનિંગનો અભાવ

# અમરેલીનાં નાગનાથ બસ સ્ટેન્ડમાં લાખો ખર્ચ કરવા છતાં મુસાફરો તડકે ઉભવા મજબુર

### સવારથી બપોર સુધી કાળઝાળ ગરમીમાં શેકાય જવાથી હાલત કફોડી

અમરેલી, તા. ૧૧

અમરેલી એક જિલ્લા કક્ષાનું શહેર હોવાથી અમરેલીમાં નગરપાલિકા દ્વારા લાખો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવેલ નવું નાગનાથ બસ પિકઅપ સ્ટેન્ડ મુસાફરો માટે પૂરતી સુવિધા આપી શકતું નથી તેવી પરિસ્થિતિ સામે આવી છે.

નાગનાથ બસ સ્ટેન્ડના અંદરના ભાગમાં બેસવાની વ્યવસ્થા હોવા છતાં ત્યાંથી બસ કયારે આવે કે જાય તેની સ્પષ્ટ માહિતી મુસાફરોને મળતી ન હોવાથી મુસાફરોને બહાર ઊભા રહેવું ફરજિયાત બન્યું છે.

એસ.ટી. બસના મુસાફરોને થતી તકલીફને ધ્યાનમાં રાખીને પાલિકાએ બહાર જયાં લોકો ઊભા રહે છે ત્યાં છાંયા માટે વ્યવસ્થા ઊભી કરી હતી, પરંતુ તેની ઊંચાઈ વધારે અને લંબાઈ ઓછી હોવાથી ત્યાં છાંયો મળતો નથી અને તડકો વધારે સમય રહેતો હોય જેથી મુસાફરોને તેનો લાભ મળતો નથી.

આ નાગનાથ બસ સ્ટેન્ડમાં સવારથી લઈને બપોર સુધી મુસાફરો સીધા ધોમધખતા તાપમાં તડકામાં ઊભા રહેવા મજબૂર બને છે. હાલ ચાલી રહેલી ૪૪–૪૫ ડિગ્રીવાળી કાળજાળ ગરમીમાં આ સ્થિતિ વધુ



ગંભીર બની છે અને લાંબા સમય સુધી ઊભા રહેવું મુસાફરો માટે મુશ્કેલ બની ગયું છે.

અમરેલી પાલિકા દ્વારા લાખો રૂપિયાનો ખર્ચ આ નાગનાથ બસ સ્ટેન્ડ માટે કરવામાં આવ્યો હોવા છતાં મુસાફરોને પૂરતી સુવિધા મળતી નથી અને સમસ્યા યથાવત રહી છે. આ પરિસ્થિતિમાં મુસાફરોમાંથી બસ સ્ટેન્ડની વ્યવસ્થામાં તાત્કાલિક સુધારો કરીને યોગ્ય છાંયા અને મુસાફરોને આવતી જતી બસની માહિતી માટે જરૂરી વ્યવસ્થા ઉભી કરવાની માંગ મુસાફર વર્ગમાંથી ઉઠી રહી છે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૫૦ | ૧૯૬૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૪૮૦ | ૧૬૦૦ |
| ૩ | મગફળી | ૧૨૪૦ | ૧૪૩૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૪૦ | ૨૧૦૦ |
| ૫ | તલ કાળા | ૨૯૧૦ | ૩૩૬૦ |
| ૬ | જીરૂ | ૩૨૨૦ | ૩૯૭૦ |
| ૭ | ચણા | ૧૦૩૦ | ૧૦૬૦ |
| ૮ | ઘઉં | ૪૭૦ | ૫૨૦ |
| ૯ | એરંડા | ૧૦૨૦ | ૧૧૯૦ |
| ૧૦ | મગ | ૧૩૪૫ | ૧૭૨૫ |
| ૧૧ | જુવાર સફેદ | ૬૮૫ | ૭૯૫ |
| ૧૨ | તુવેર | ૧૨૧૦ | ૧૪૩૦ |

## એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

**અરજદાર :** શ્રી ધીરૂભાઈ લક્ષ્મણભાઈ લીંબાસીયા
રહે. ચિત્તલ, તા.જી.અમરેલી.

અપીલ રજી નં. ૯૮/૨૦૨૬

:: **વિરૂધ્ધ** ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ –તલાટી–કમ–મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, મુ.ચિત્તલ, તા./જિ.અમરેલી.

**–: જાહેર નોટિસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ચિત્તલ ગામમાં અરજદારશ્રી **ધીરૂભાઈ લક્ષ્મણભાઈ લીંબાસીયા** તેઓના ભાણકી **હેતલબેન હરજીભાઈ સંઘાણી**ની જન્મ (તા.૦૯/૦૯/૧૯૭૭) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૬–૦૫–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૬૨૫ |
| ૨ | ઘઉં લોકવન | ૩૫૦ | ૪૫૬ |
| ૩ | તલ સફેદ | ૧૫૦૦ | ૧૯૦૦ |
| ૪ | ચણા | ૯૪૫ | ૧૦૪૦ |
| ૫ | ધાણા | ૧૦૦૦ | ૨૨૯૦ |
| ૬ | ચણા સફેદ | ૧૦૭૨ | ૧૧૨૫ |
| ૭ | મગ | ૧૫૫૦ | ૧૭૦૦ |
| ૮ | અડદ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૯ | મગફળી | ૧૦૫૦ | ૧૨૨૫ |
| ૧૦ | મેથી | ૧૧૧૫ | ૧૧૯૦ |
| ૧૧ | સોયાબીન | ૧૧૪૦ | ૧૩૫૦ |
| ૧૨ | શીંગફાડા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૩ | લસણ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૪ | એરંડી | ૯૯૫ | ૧૧૨૦ |
| ૧૫ | તુવેર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૬ | કલોંજી | ૧૦૦૦ | ૧૦૦૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૨૪૭ |
| ૨ | તલ સફેદ | ૧૭૦૧ | ૨૧૮૧ |
| ૩ | તલ કાળા | ૨૫૦૦ | ૩૩૭૩ |
| ૪ | કપાસ | ૯૦૦ | ૧૮૨૫ |
| ૫ | બાજરો | ૩૨૦ | ૫૬૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૧૦ |
| ૭ | જુવાર | ૪૧૨ | ૧૦૧૧ |
| ૮ | મકાઈ | ૪૨૫ | ૪૭૫ |
| ૯ | મગ | ૧૫૦૦ | ૧૭૫૧ |
| ૧૦ | તુવેર | ૮૫૦ | ૧૩૧૦ |
| ૧૧ | ચણા | ૯૩૦ | ૧૦૫૦ |
| ૧૨ | જીરૂ | ૩૬૦૧ | ૩૬૦૧ |
| ૧૩ | મેથી | ૧૨૪૦ | ૧૨૪૦ |
| ૧૪ | સોયાબીન | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૫ | રાજગરો | ૧૬૫૦ | ૧૬૫૦ |
| ૧૬ | અજમા | ૧૦૦૦ | ૧૦૦૦ |

# અમરેલી અને નાના ભંડારીયા ખાતે પીજીવીસીએલ દ્વારા પીએમ સુર્યઘર સોલાર રૂફટોપની માહિતી અપાઈ





પીએમ સૂર્ય ઘર મુફત વીજળી યોજનાના ભાગ રૂપે શીતલ ઈન્ડસ્ટ્રીઝમાં તેમજ અમરેલી તાલુકાના નાના ભંડારીયા ગામમાં પીજીવીસીએલના નાયબ ઈજનેર એમ.એચ. કાલાણી દ્વારા વીજળીની બચત અને વીજ બીલમાં રાહત મળે તેના ભાગ રૂપે વિલેજ મિટિંગમાં સોલાર રૂફટોપ લગાવવાથી થતા ફાયદા અને તેની મરમાત કઈ રીતે કરવી અને વીજળી બીલમાં કેટલી રાહત મળે અને તેમાં કેટલી સબસીડી મળે છે તેની માહિતી આપવામાં આવેલ મે મહિનો હોય ધોમધખતા તાપ સૂર્યના કિરણો આપણને ફ્રીમાં મળે છે તેનો ઉપયોગ કરીને આપણે વીજળી ઉત્પન્ન કરીને ગ્રીન એનર્જીનું ઉત્પાદન કરીને રાષ્ટ્રને મદદ કરીએ તેવો સંદેશ આપવમાં આવેલ. ગ્રાહકો દ્વારા સારો પ્રતિભાવ મળેલ અને સ્થળ પર જ ૧૮ ગ્રાહકોએ સોલાર લગાડવા માટે પોતાનું રજીસ્ટ્રેશન કરાવેલ અને સોલાર લગાડવાની ઈછા જણાવેલ.

## આખલાની આફત તો કોઈ દૂર કરો



અમરેલી જિલ્લાની ૧૫ લાખ જનતા રખડતા પશુઓથી તોબા પોકારી ચુકી છે. ગીરકાંઠા વિસ્તારમાં સિંહ અને દીપડાઓથી ચિંતા અને શહેરી વિસ્તારમાં રખડુ શ્વાન, આખલાઓ આફતરૂપ બની રહ્યા છે. છતાં શાસકો પાસે આ મહત્વનાં પ્રશ્નનો કોઈ જવાબ નથી. દામનગરનાં ટ્રાફિકથી ધમધમતા વિસ્તારમાં માર્ગની વચ્ચે ઉભા રહેલ આખલાનું દ્રશ્ય કેમેરામાં કેદ થયું

### સામાન્ય પાકોમાં ખેડૂતોને યોગ્ય વળતર મળતુ ન હોવાથી

## લ્યો બોલો : ટીંબી ગામના ખેડૂતે કૃષિમંત્રીને પત્ર પાઠવીને ગાંજો વાવવાની મંજુરી માંગી

**જે રીતે દારૂનું વેંચાણ અને હથિયાર માટે લાયસન્સ મળે તે રીતે શરતોને આધીન મંજુરી આપવા માંગ**

જાફરાબાદ, તા.૧૧

જાફરાબાદ તાલુકાના ટીંબી ગામના ખેડૂત ઘનશ્યામભાઈ ભાલાળાએ કૃષિમંત્રીને પત્ર પાઠવી સરકાર માન્ય ગાંજો વાવવાની મંજૂરી આપવા માંગ કરી છે. ખેતીમાં સતત વધી રહેલા ખર્ચ અને પરંપરાગત પાકોમાં યોગ્ય ભાવ ન મળતા ખેડૂતોની હાલત દયનીય બની રહી હોવાનું તેમણે પત્રમાં જણાવ્યું છે.

ખેડૂતે લખ્યું છે કે ખાતર, બિયારણ, જંતુનાશક દવાઓ, ખેતીના ઓજારો અને ડીઝલના ભાવોમાં છેલ્લા કેટલાક વર્ષોમાં ભારે વધારો થયો છે,




જયારે ઘઉં, કપાસ, મગફળી અને કઠોળ જેવા પાકોના પૂરતા પોષણક્ષમ ભાવ ખેડૂતોને મળતા નથી. આવી પરિસ્થિતિમાં ખેડૂતો આર્થિક સંકટમાં ધકેલાઈ રહ્યા છે.ખેડૂતે પ્રશ્ન ઉઠાવ્યો છે કે જો ગુજરાતમાં દારૂ વેચવા માટે પરમિશન મળી શકે અને હથિયાર માટે લાયસન્સ મળી શકે, તો સરકારની દેખરેખ હેઠળ ગાંજાનું વાવેતર કરવાની મંજૂરી ખેડૂતોને કેમ ન મળે ? તેમણે વધુમાં જણાવ્યું કે ગાંજાનું વાવેતર કયા વિભાગ હેઠળ આવે તે અંગે સ્પષ્ટતા પણ થતી નથી.ખેડૂતે સરકારને જણાવેલ છે કે નિયંત્રિત અને કાયદેસર રીતે વાવેતરથી લઈને વેચાણ સુધીની વ્યવસ્થા ઉભી કરી ખેડૂતોને નવી આવકનો માર્ગ આપવામાં આવે. અગાઉ પણ ૧૬ માર્ચે તેમણે આવો જ પત્ર પાઠવ્યો હોવાનું સામે આવ્યું છે.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯
પ્રવેશની ઉત્તમ તક...
વર્ષ-૨૦૨૬માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...
શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે
પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.
F.Y.B.Com. SEMESTER-1 | S.Y.B.Com. SEMESTER-3 | T.Y.B.Com. SEMESTER-5 | M.Com. SEMESTER-1,3
- ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
સુવિધાઓ
- તદન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન ક્લાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.
શ્રી ડો. એસ.પી. સિતાપરા પ્રિન્સિપાલ મો. ૯૮૨૫૯ ૩૮૦૪૮
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૩૦ થી ૧૨:૦૦ સુધી
www.mdscollege.org
શ્રીમતિ વનીતા બી. સીતાપરા મેનેજીંગ ટ્રસ્ટી


### ૧૨ મે, ''આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ''

## ફકત દવાથી રોગ અમારો નહી મટે, સંબંધ જરા ઉમેરો સારવારમાં

**વી ટ્રીટ, ગોડ હિલ્સ**

સમગ્ર વિમાં ૧૨ મે, ફલોરેન્સ નાઈટિંગેલનાં જન્મદિવસને ''આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ'' રૂપે ઉજવવામાં આવે છે. ''નર્સ દિવસ'' ઉજવવાનો સૌપ્રથમ પ્રસ્તાવ અમેરિકાનાં સ્વાસ્થ્ય, શિક્ષા અને કલ્યાણ વિભાગનાં અધિકારી ''ડોરોથી સદરલન્ડ''એ મુકયો હતો. એ પછી અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડી.ડી. આઈ જનહાવરએ આ દિવસ ઉજવવા માટેની છૂટ આપી. ૧૯૫૩માં પહેલી વખત ''નર્સ ડે'' મનાવવામાં આવ્યો હતો જયારે આંતરરાષ્ટ્રીય પરિષદે આ દિવસને ૧૯૬૫માં પ્રથમ વખત ઉજવ્યો. સૌપ્રથમ નર્સિંગનાં કાર્યને શરૂ કરનાર પ્રખ્યાત ફલોરેન્સ નાઈટિંગેલનાં જન્મદિવસ ૧૨ મે, ૧૯૭૪નાં દિવસને ''આંતરરાષ્ટ્રીય નર્સ દિવસ'' તરીકે ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો.

નર્સિંગ એ દુનિયામાં સૌથી મોટા આરોગ્ય વ્યવસાયનાં રૂપમાં મનાવવામાં આવે છે. જયારે ડોકટર્સ બીજા રોગીઓને જોવામાં વ્યસ્ત હોય છે એ સમયે અન્ય રોગીઓની ૨૪ કલાક દેખરેખ કરવા માટે નર્સિંગની અત્યંત જરૂરિયાત રહેતી હોય છે. નર્સએ રોગીઓનો મનોબળ વધારે છે તેમજ તેમની બીમારીઓને નિયંત્રિત કરવામાં તે સ્નેહશીલ અને સહાયક બને છે. હોસ્પિટલમાં ભલે કોઈ પણ વ્યકિત સારવાર લેવા આવ્યો હોય અને ખુબ ઓછા સમય માટે આવ્યો હોય તો પણ નર્સિસ તેમની સાથે તાદાત્મ્ય બાંધી લેતી હોય છે અને નિસ્વાર્થ ભાવે પેશન્ટની સેવા કરતી હોય છે. ઘરમાં મા જેમ તેનાં બાળકો બીમાર હોય ત્યારે તેમની ચાકરી કરતી હોય છે બિલકુલ એ જ રીતે નર્સિસ પોતાનું કાર્ય કરતી હોય છે. ખાસ કરીને બાળકોને ટ્રીટ કરવાનો તેમનો અંદાજ જ જુદો હોય છે. માણસ બીમાર થાય, હોસ્પિટલમાં દાખલ થયો હોય ત્યારે તેને દવાની સાથે એક હૂંફની પણ જરૂરીયાત હોય છે. કોઈ વ્યકિત સતત એની ખબર પૂછતું રહે તેવી તેની ઈચ્છા કાયમ રહેતી હોય છે. આવા સમયે ઘરનાં સભ્યોની ગેરહાજરીમાં તેને નર્સ ખુબ મદદરૂપ થાય છે. હોસ્પિટલમાં દાખલ થનાર વ્યકિત સાથે કોઈ પણ સંબંધ ન હોવા છતાં નર્સ પોતાનું કાર્ય સતત કરતી જતી હોય છે. સ્વાસ્થ્ય સેવાઓમાં નર્સિંગનાં યોગદાનને સન્માનિત કરવા માટે, રોગીઓનાં કલ્યાણ માટે નર્સિસને શિક્ષિત કરવા માટે, નર્સિંગ સંબંધિત વિવિધ મુદ્દાઓની ચર્ચા કરવા માટે તેમજ તેમની મહેનત અને સમર્પણની સરાહનાં કરવા માટે ભારત સરકાર દ્વારા નર્સિંગને પ્રોત્સાહન આપવા માટે આ દિવસે ફલોરેન્સ નાઈટિંગેલનાં પુરસ્કાર પણ આપવામાં આવે છે. નવજીવનમાં નિમિત્ત બનતા તમામ ભાઈ-બહેનોને વંદન સાથે અભિનંદન.

– મિત્તલ ખેતાણી
(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)

## મોટા માચીયાળા ગામે સંત વેલનાથ મંદિરે મૂર્તિ પ્રતિષ્ઠા તથા સંતવાણીનું ધાર્મિક કાર્ય સફળતાપૂર્વક સંપન્ન

અમરેલી, તા. ૧૧

અમરેલીના મોટા માચીયાળા ગામે તારીખ : ૧૦મી મે રવિવારના રોજ પ્લોટ વિસ્તારમાં નવનિર્મિત મંદિરે ચુંવાળીયા કોળી ઠાકોર સમાજના ધર્મગુરૂ સંત વેલનાથબાપુની મૂર્તિ પ્રતિષ્ઠા સાથે શોભાયાત્રા, મહાયજ્ઞ, સંતોના સામૈયા, મહાઆરતી, મહાપ્રસાદ તથા રાત્રીના સમયે ઠાકોર સમાજના ખ્યાતનામ કલાકારો તમન્નાબેન ઠાકોર, બટુકભાઈ ઠાકોર, ભાવનાબેન સોલંકી તથા સુખાબાપુ – ખડખડ તથા અન્ય સમાજના નામી-અનામી સંતવાણી કલાકારો સાથે સાંઈનાથ બાપુ- ચેતન સમાધી ખડખડ તથા સુપ્રસિધ્ધ અનેક સંતો-મહંતો, સમાજ અગ્રણીઓ, મહિલા સત્સંગ મંડળો, રાજકીય અગ્રણીઓ, ઉધોગપતિઓ, કર્મચારીઓ તથા વેલનાથ અને માંધાતા યુવક મંડળો પોતાના ગૃપ,



સંગઠન મડળો સાથે ઉપસ્થિત રહી તન મન ધનથી સહયોગ આપી આ ધાર્મિક કાર્યને સફળ બનાવવામા આવેલ અને ઠાકોર સમાજની બહોળી વસ્તી ધરાવતા આ સમાજ માટે તેમજ ગામના દરેક સમાજ માટે લગ્નપ્રસંગ તથા અનેક સત્કાર્યો માટે આ ધાર્મિક સ્થળના ઉપયોગ સાથે કાયમી રીતે મદદરૂપ થવા વેલનાથ યુવક મંડળ મોટા માચીયાળા તરફથી જાહેરાત કરવામા આવેલ.

### દીકરી રીનાને સેરિબલ પાલસીની બીમારી હોવાથી

## અમરેલીમાં શિક્ષક અને તેમનાં ધર્મપત્નીએ વ્હાલસોયી દીકરીની વર્ષો સુધી સેવા કરી

**ધન્ય છે તે મા-બાપ જેઓએ સમગ્ર જીવન દીકરી પાછળ ખર્ચી નાખ્યુ**

અમરેલી, તા. ૧૧

કુ. રીના હસમુખભાઈ વાગડીયા (ઉ. વ. ૪૭) (મુળ અમરેલી, હાલ અમદાવાદ), તેણી સ્વ હસમુખભાઈ અમૃતલાલ વાગડીયાના પુત્રી તથા કાજલબેન વિરલભાઈ જોષીનાં બહેનનું તારીખ ૧૦ના રોજ અક્ષરધામ ગમન થયેલ છે.આ કોઈ સાધારણ અવસાનની જાણનથી પણ એક માતા પિતાની અસાધારણ તપ સાધના અને આત્યંતિક પ્રેમ સેવા સમર્પણની એક સત્ય ઘટનાનો અંત છે.રીના જયારે નાની હતી ત્યારે સામાન્ય બાળકો કરતાં તેનો વિકાસ ધીમો હતો. પાંચમા વર્ષે ખબર પડી કે તેણી સેરિબલ પાલસીની દર્દી છે. મુંબઈના ખ્યાતનામ ડોકટરે જયારે આ હકીકતની જાણ કરી. ત્યારે અમરેલીની ફોરવર્ડ હાઈસ્કૂલના વિદ્યાર્થી પ્રેમી શિક્ષક હસુભાઈ વાગડિયા અને અરૂણાબેન ઉપર વજરાઘાત થયો હતો. અને ત્યારથી દીકરી મા બાપની પુત્રી પ્રત્યેની ભકિતની એક અદભુત ગાથા સત્ય ઘટનાએ આકાર લેવાનું શરૂ થયું હતું.લાગ લગાટ સતત ૪૨ વર્ષ સુધી આ પથારીવશ દીકરીને સમયે સમયે ભોજન તેની દૈનિક દિનચર્યા ઉપરાંત તેની સારવાર દેવીપૂજન કરતા હોય તે રીતે હસુભાઈ અને અરૂણાબેને દ્વારા હસ્તે મુખે થતું હતું. સામાજિક જીવન કૌટુંબિક



જીવન પોતાનું વ્યકિતગત જીવન મોજ શોખ સારૂ પહેરવું ઓઢવું બધાનો ત્યાગ કરી અને આ દીકરીની સેવા કરી હતી. રીનાથી મોટી દીકરી કાજલબેન સાસરે વળાવી હતી. ત્યારે તેણી પણ માતા પિતાની ચિંતાને પોતાના હૃદયમાં એક મોટા બોજ તરીકે લઈને સાસરે ગઈ હતી. બાદમાં સમય સમયે કાજલ અને તેમના પતિ વિરલ પણ આ રીના સેવા યજ્ઞમાં આહુતિ આપવા આવી જતા હતા.હસુભાઈ રિટાયર્ડ થયા અમરેલીથી અમદાવાદ શિફટ થયા અને પોતાના પણ અનેક શારીરિક પ્રશ્નો વચ્ચે તેમણે પણ આજથી થોડા વર્ષો પહેલા વિદાય લીધી હતી. વિદાય વખતે પણ બાપ તો બાપ છે. તેને પોતાની અસહાય દીકરી રીનાની ચિંતા સતાવતી હતી. પણ એક ધરપત હતી કે, મોટી દીકરી કાજલ અને તેના પતિ વિરલ અને અરૂણાબેન આ બધું પાર પાડી દેશે. કોઈ સાધુ પુરૂષ એવું વ્રત લે કે હું અમુક વર્ષો સુધી ઘરની બહાર નહીં નીકળું. હસુભાઈને તો બહાર જવું પડે પણ અરૂણાબેન વર્ષો સુધી તેણે બજાર જોઈ ન હોતી કે કોઈ લગ્ન પ્રસંગમાં ગયા નથી. કે ફરવા હરવા ગયા નથી તેણે માત્ર પોતાની પુત્રીની સેવાભકિતને જ જીવન બનાવી લીધું હતું.ધન્ય છે, એવા માતા પિતા કે જેણે પોતાની અસહાય દીકરી રીના પાછળ પોતાની પણ સમગ્ર જિંદગી ખર્ચી અને જીવન સાર્થક કર્યું છે.ભગવાન સ્વામિનારાયણના ચુસ્ત અનુયાયી બીએપીએસના નિયમિત સત્સંગી એવા હસુભાઈ તથા અરૂણાબેને આ બીમાર રીનાને સાજી કરવા તેને માટે તેમણે આકાશ પાતાળ એક કરી આ દીકરી એ જ એનું જીવન હતું. એ જ એનો ધર્મ હતો એ જ એની ઈશ ભકિત હતી.સમગ્ર પરિવાર સ્વ. હસુભાઈ તથા અરૂણાબેન તેમના દીકરી કાજલ તેમનાજમાઈ વિરલભાઈને ખરેખર તેમની સેની રીનાભકિતને કોટી કોટી પ્રણામ કરવાં પડે તેમ છે. તમે ખરા અર્થમાં દીકરી વહાલનો દરિયોએ સૂત્રને ચરિતાર્થ કરી દીધું છે.


અમરેલી જિલ્લાની માત્ર બહેનો માટેની અગ્રીમ ગ્રાન્ટેડ સંસ્થા...
શ્રીમતી જીજીબેન ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કુલ-અમરેલી
ધો. ૯ તથા ૧૧ માં પ્રવેશ કાર્ય શરૂ છે. વહેલી તકે પ્રવેશ મેળવી લેશો...
ધો. ૧૨ માં એડમીશન બંધ છે. (એડમીશન અંગે શરમાવશો નહી)
ધોરણ ૯,૧૦,૧૧,૧૨ આર્ટસ/કોમર્સ/સાયન્સ
શાળાની વિશેષતાઓ
- શહેરની મધ્યમાં સંપૂર્ણ સલામત, શાંત, શિસ્તબધ્ધ અને પવિત્ર વાતાવરણ
- શાળામાં કાયમી તથા નિષ્ણાંત તજજ્ઞ શિક્ષકોની ટીમ હોવાથી વર્ષ દરમ્યાન સાતત્યપૂર્ણ સચોટ શિક્ષણ
- શાળામાં વિકલી ટેસ્ટ, યુનિટ ટેસ્ટ અને બોર્ડની પરીક્ષાનાં આદર્શ પ્રશ્નપત્રની તૈયારી સાથે નિદાન ઉપચાર શિક્ષણનું વિદ્યાર્થીલક્ષી આયોજન, અમલીકરણ અને પરિણામ
- સ્પોર્ટસ, સાંસ્કૃતિક અને ગણિત-વિજ્ઞાન પ્રવૃતિઓમાં અગ્રેસર શાળા
- અધતન સ્માર્ટરૂમ દ્વારા કોમ્પ્યુટરનું સચોટ શિક્ષણ
- નિયમીત વાલી મિટીંગ અને કેરીયર માર્ગદર્શન સેમિનારનું આયોજન
- સામાન્ય પ્રવાહનાં વિદ્યાર્થીઓ માટે કારકિર્દી ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ
- વિજ્ઞાન પ્રવાહનાં વિદ્યાર્થીઓ માટે રસાયણ વિજ્ઞાન, ભૌતિક વિજ્ઞાન, જીવવિજ્ઞાનની અધતન લેબ
- C.C.T.V. કેમેરાથી સજ્જ શૈક્ષણિક પરિસર, દરેક રૂમમાં C.C.T.V.થી સુરક્ષા
એડમીશન હેલ્પલાઈન નં.
ઈલા મેડમ મો. ૯૪૨૯૧ ૬૪૦૬૫
જસ્મીના મેડમ મો. ૯૪૨૮૨ ૯૪૦૦૩
રાહુલ સર મો. ૯૯૭૮૦ ૪૫૭૧૬
હિરેન સર મો. ૯૯૨૫૦ ૮૨૯૪૪
ઝાલા સર મો. ૯૧૦૬૪ ૭૨૦૩૩
ગીતા મેડમ મો. ૯૮૯૮૬ ૯૨૨૦૮
અખાડા સામે, લાઠી રોડ, અમરેલી-૩૬૫૬૦૧

**ઉપદેશ આપવો છે સહેલો આખી દુનિયાને અહી, પણ અમલ કરવામાં પોતાનો જ પાયો કાચો છે**

# અમરેલી જિલ્લામાં એસ.ટી. બસનાં અભાવે મુસાફરો રઝળી પડયા



સાવરકુંડલા, તા. ૧૧

તાજેતરમાં સોશ્યલ મીડિયા અને ન્યૂઝ પ્લેટફોર્મ પર વહેતા થયેલા સમાચાર મુજબ, દેશમાંઆર્થિક કટોકટીના સંકેતો વચ્ચે પ્રધાનમંત્રીએ જનતાને પેટ્રોલ–ડીઝલ બચાવવા અને અનાવશ્યક મુસાફરી ટાળવા અપીલ કરી છે. પરંતુ આ અપીલની બીજી બાજુ આજે અમરેલીમાં જોવા મળી હતી. એક તરફ ઈંધણ બચાવવાની વાતો થાય છે, ત્યારે બીજી તરફ પ્રધાનમંત્રીની સભા માટે અમરેલી ડિવિઝનની કુલ ૧૧૮ રૂટની એસ.ટી. બસો સોમનાથ જવા માટે ફાળવાતાં સામાન્ય જનતાને ભારે હાડમારી વેઠવી પડી હતી.

પોતાના ગંતવ્ય સ્થાને પહોંચવા માટે બસની રાહ જોઈ રહેલા અનેક મુસાફરોમાં રોષ જોવા મળ્યો હતો. ખાસ કરીને સાવરકુંડલા ડેપો મેનેજર નથવાણી સાથે વાતચીત થતાં તેમણે સાવરકુંડલા એસ.ટી. ડેપોની કુલ ૩૬ બસો સોમનાથ જવા માટે

**અનુસંધાન પાના ૬ ઉપર**


ઓક્સફર્ડ સ્કૂલ ઓફ સાયન્સ – અમરેલી
છેલ્લા પાંચ વર્ષનું ધો. 12 સાયન્સ પરિણામ

OXFORD SCHOOL OF SCIENCE AMRELI

વર્ષ : 2022
A1 અમરેલી જિલ્લામાં પ્રથમ PR = 99.93 | ગુજકેટ જિલ્લામાં પ્રથમ 111.50/120 ગુણ
(MBBS - જામનગર)
ગોહિલ ધૃતિ NEET : 573/720

સાયન્સ મેરીટ અમરેલી જિલ્લા પ્રથમ 287/300 (DAIICT)
ચોવટીયા અજય

વર્ષ : 2023
A1 અમરેલી જિલ્લામાં પ્રથમ (ગુજરાત રાજય તૃતિય)
PR = 99.97 (MBBS - જુનાગઢ)
દામાણી ભુમિ NEET : 576/720

ગુજકેટ અમરેલી જિલ્લામાં પ્રથમ
ભેસાણિયા પાર્થિવ, સભાયા મનન
113/120 (DAIICT)

વર્ષ : 2026
અમરેલી જિલ્લામાં પ્રથમ: A1 રાજપરા ઝીલ 624/650
સાયન્સ મેરીટ જિલ્લા પ્રથમ: A1 હોથી મંથન 296/300
ગુજકેટ ગુજરાત રાજયમાં પ્રથમ
હોથી મંથન 120/120 ગુણ સતાસિયા દિશાંત

વર્ષ : 2024
અમરેલી જિલ્લામાં પ્રથમ
A1 માગંરોળીયા જાનકી PR 99.94 (MBBS - જુનાગઢ) NEET : 601/720

ગુજકેટ ગુજરાત રાજયમાં પ્રથમ
દેવગણિયા જેનિષ 120/120 (DAIICT)

સાયન્સ મેરીટ અમરેલી જિલ્લા પ્રથમ
વાડદોરિયા હર્ષિલ 294/300

વર્ષ : 2025
અમરેલી જિલ્લામાં પ્રથમ
A1 વિરપરા હસ્તી (NIRMA) PR 99.95 NEET : 621/720

ગુજકેટ અમરેલી જિલ્લામાં પ્રથમ
ધંધુકિયા પ્રિયાંશી (MBBS - અમરેલી) 113.75/120 ત્રિવેદી પાર્થ (DAIICT)

સાયન્સ મેરીટ અમરેલી જિલ્લા પ્રથમ
સુદાણી તૃષિક 296/300 (NIRMA)


*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)